# પ્રાચિન કૌમો દરમ્યાન હઝરત ઈમામ મહદી(અ.ત.ફ.શ.)નું વર્ણન

ઇસ્તેગાસહ: શું કરીએ કે હવસખોરોની બંડખોરી વધતી જઇ રહી છે. દરેક ખુશહાલ ફુલના બગીચા માટે કુહાડીને ધારદાર કરવામાં આવી રહી છે. દરેક ગીત ગાનાર પક્ષી માટે નવા-નવા રૂપોમાં પીંજરા બનાવાઇ રહ્યા છે. દુન્યાની કૌમોની પ્રગતિએ હાડમાસના ઇન્સાનને નફસાની ખ્વાહિશાતની પાંખો આપી દીધી છે. સંસ્કૃતિ નિર્વસ્ત્ર થઇને નાચી રહી છે. દરેક વસ્તુનો સ્વભાવ ઉંધો થઇ રહ્યો છે. મહેફીલોમાં તે વર્ગ કે જેને પર્દાદાર કહેવામાં આવે છે, તે નિર્વસ્ત્ર થઇ રહ્યો છે. આ માનવ સમાજમાં ઉભરી રહેલા યુવાનો એક બીજાને મળે છે. એકના વિચારો બીજાના વિચારોથી ટકરાઇ રહ્યા છે. સ્વાર્થ નજરની સામે હોય છે. છુટછાટથી વર્તવાથી એવા થઇ જાય છે, જેવા બધા જ છે. અગર તેમાં સલામતી શોધીએ છીએ કે આ હમામ(બાથરૂમ)માં ઉતરી જઇએ કે જેમાં સૌ નિર્વસ્ત્ર છે, તો પરહેઝગારીને દાવ પર લગાડવી પડશે, જો આમ નથી કરતા તો લાચારી છે, વંચિતતા છે, મુક્ત વિચારધારાના વર્તુળની હદોમાંથી ધક્કો મારીને બહાર કાઢી મુકવામાં આવે છે. ચુપ રહીએ તો શ્વાસ રૂંધાય છે. અગર વાત કરીએ તો છાપ પડી જાય તેવા હાથે મોં પર તમાચો પડે છે. અય ખુદા! આટલી મોટી દુનિયામાં જ્યાં જાઓ ત્યાં આ જ દ્રશ્ય છે. આ જ રીતની કત્લગાહોએ દોસ્તોની મહેફીલને સજાવી દીધી છે. દુનિયાની ખબર મેળવવા જઇએ તો અખબારના પાનાઓ પર એવી હવસ પ્રેરક અને નફસાની ખ્વાહીશાતને ઉશ્કેરતી ગંદી તસ્વીરો સજાવવામાં આવી છે. જેનાથી પ્રાચિન સમયના લોકો કે જેઓ પાંદડાથી પોતાની શર્મગાહોને ઢાંકતા હતા, તેઓ પણ શરમથી પોતાનો ચહેરો ઢાંકી દે. આ આજની સંસ્કૃતિની ફરીયાદ કરનાર ઇન્સાનની ફરીયાદ છે. તેની ફરીયાદ છે કે જે ખુદા તઆલાની અહદિય્યત, સમદિય્યત, કુદરત અને સરમદિય્યત પર ઇમાન રાખે છે અને તેને યકીન છે કે ખાલીકે આ દુન્યાને પૈદા કરી છે અને આ દુન્યાની મખ્લુકમાં ઇન્સાનને શ્રેષ્ઠ અને ઉચ્ચ મખ્લુક બનાવ્યો છે અને તેણે આ દુન્યાને કે તેના ઉપર રહેનારાઓને બે મકસદ પૈદા નથી કર્યા. દેખીતુ છે કે એ મોમીન જેની જીવનની પુંજી ઇમાન છે, તેના ઉપર પ્રહાર થાય તો તે બેચૈન થઇ જશે. જેટલો પ્રાણ ઘાતક તાગૂતી ઝખ્મ હશે, તેટલી બેચૈની અને દુઃખ વધુ હશે. ફરિયાદ ન કરે તો બીજુ શું કરે? અમોને આ ફરિયાદોની અવાજ પ્રાચિન સમયથી સંભળાઇ રહી છે અને તે અલગ વાત છે કે જમાનાની સાથે સાથે સૌઝ ધરાવનારા લોકો અને ઇન્સાનની વિનાશના દ્રષ્ટિકોણ ઝડપથી બદલાતા રહ્યા છે.

સવાલ એ ઉભો થાય છે કે જેણે આજના જમાનામાં પોતાની આંખો ખોલી, સમજ-શક્તિને ઇમાનની રોશની આપી અને અલ્લાહ તઆલાની બંદગીને પોતાના જીવનની મુડી ગણી અને તેના ઉપર ઊંડુ યકીન રાખ્યુ, બસ આ મુસીબતો, અવરોધો, આ ઝેરમાં ઝબોળેલી શહેવતી અદાઓની જાહેરાતો, પોતાની ગુનાહોની રોશનીમાં રંગો વિખેરી રહેલા શહેવત-પ્રેરક પોસ્ટરો વડે પોતાના કાર્યોના દાયરામાં બોલાવનારા પરીબળો ફક્ત આ જ યુગના ઇમાનવાળાઓના માટે સખ્ત આઝમાઇશનો યુગ છે કે આ આઝમાઇશો, આ આફતો અને આ ગુનાહો પ્રાચિન યુગથી પોતાના જમાનાના ઇમાનની પનાહગાહો પર પડતી રહે છે અને પોતાની તબાહીઓથી કોઇ બેગુનાહને છોડ્યા નથી? અને અગર તે સત્ય છે કે પ્રાચિન યુગથી જ્યારે પણ ઈતિહાસકારે કલમ ઉપાડી છે, તે જમાનાથી મોટી મોટી દુઃખભરી દાસ્તાનો લખી છે. જેના દરેક અક્ષરમાંથી માસુમ અને કમઝોરોનું ખૂન ટપકી રહ્યુ છે. તો કોના આધાર પર અને કોના સહારે આટલા દુઃખ ઉઠાવ્યા-દર્દ વેઠ્યા, ઠોકરો ખાધી, ઝખ્મી થયા અથવા શહીદ થયા અને પછી જમાનાના અંતમાં પોતાનો વારસો આવનારા શ્રેષ્ઠ ઇન્સાનોને દઇને આખેરતની તરફ કૂચ કરી ગયા. પ્રાચિન યુગના લોકો આખરે રહ્યા નથી, પરંતુ તેમની ફરીયાદ કોઇ ન્યાય કરનારને યુગે યુગમાં શોધી રહી છે. એટલા માટે કે ફરીયાદ ખુદ બોલી રહી છે કે કોઇ મજબુત સહારો છે, કોઇ ઝમાનાના માલિક છે, કે જેના ઇન્તેઝારની સવારી પર ઉમ્મીદની શાહઝાદીની સફર શરૂ છે. આ ઇસ્તેગાસહએ માયુસીના જુના કપડા નથી પહેર્યા. બલ્કે દરેક યુગમાં તે નવા લિબાસમાં દેખાય છે. આ સાબિત કદમીની

અનુસંધાન પાના નં. ૩૪ ઉપર ...

# હઝરત ઈમામ હુસૈન(અ.સ.) અને હઝરત ઈમામ મહદી(અ.સ.)

હઝરત ઈમામ હુસૈન(અ.સ.)એ કરબલાના મૈદાનમાં જે ઈસ્તેગાસહની અવાઝ બુલંદ કરી હતી તે કરબલામાં ખત્મ નથી થઇ પરંતુ તેમાં વધારો થતો રહ્યો છે. આ અવાજ સાંભળીને એ લોકોએ પણ લબ્બૈક કહ્યુ હતુ જેઓ એ સમયે દુનિયામાં ન હતા પરંતુ આલમે અરવાહમાં તે અવાજને સાંભળી રહ્યા હતા.

હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદત અને હઝરત ઈમામ મહદી(અ.સ.)ના ઝુહુર વચ્ચે બહુજ ગાઢ સંબંધ છે. હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની હદીસોમાં અને ઝિયારતોમાં હઝરત ઈમામ મહદી(અ.સ.)નો ઉલ્લેખ છે અને હઝરત ઈમામ મહદી(અ.સ.)ના કલેમાતમાં હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના મસાએબનો ઝિક્ર છે. લેખની મર્યાદાને ધ્યાનમાં રાખીને સંક્ષેપમાં અભ્યાસ કરીશું.

## (૧) હઝરત ઈમામ હુસૈન(અ.સ.) હઝરત ઈમામ મહદી(અ.સ.)ની નઝરમાં:

સઅદ બિન અબ્દુલ્લાહ કુમ્મીનુ બયાન છે કે મેં ઈમામ મહદી(અ.સ.)ને ''કાફ હા યા ઐન'' ની તાવીલ પુછી. આપ(અ.સ.)એ ફરમાવ્યુ:

''આ ગૈબના અક્ષરો છે, ખુદાવંદે આલમે પોતાના બંદા જનાબે ઝકરીયા(અ.સ.)ને તેની જાણ કરી હતી. પછી તે જ વાત હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ને બયાન કરી. જનાબે ઝકરીયા(અ.સ.)એ ખુદાથી દરખાસ્ત કરી હતી કે તેને અસ્માએ ખમ્સા (પાંચ નામો) શીખવાડવામાં આવે. ખુદાએ જીબ્રઇલ વડે આ નામો શીખવાડયા.

જનાબે ઝકરીયા(અ.સ.) જયારે મોહમ્મદ(સ.અ.વ.), અલી(અ.સ.), ફાતેમા(સ.અ.) અને હસન(અ.સ.)નું નામ લેતા તો તેમનો રંજો ગમ દૂર થઇ જતો હતો, પંરતુ જયારે ઈમામ હુસૈન(અ.સ.)નું નામ લેતા તો તેમનો ગમ વધી જતો. એક દિવસ તેમણે ખુદાને પુછયુ: ''ખુદાયા! જયારે હું ચાર નામ લઉ છું તો આરામ અને સુકુન મળે છે પરંતુ જયારે હુસૈન(અ.સ.)નું નામ લઉ છું તો હું રંજીદા થઇ જઉ છું, આંખોમાંથી આંસુ આવી જાય છે.'' તે સમયે ખુદાએ આ કલેમાત થકી બનાવ બયાન કર્યો.

'કાફ'નો મતલબ કરબલા, 'હા'નો મતલબ પવિત્ર એહલેબૈત(અ.મુ.સ.)ની હલાકત અને શહાદત, 'યા'નો મતલબ યઝીદ ઝાલિમ, 'ઐન'નો મતલબ-પ્યાસ, 'સ્વાદ'નો મતલબ સબ્રે હુસૈન(અ.સ.).

આ સાંભળીને જનાબે ઝકરીયા(અ.સ.) એટલા બધા ગમગીન થયા કે ત્રણ દિવસ સુધી પોતાના ઇબાદતના મેહરાબમાંથી બહાર ન આવ્યા અને ન તો કોઇને પોતાની પાસે આવવા દીધા અને સતત રોતા રહ્યા કે ખુદાયા! તારી બેહતરીન મખ્લુકના ફરઝંદ પર મુસીબત નાઝિલ થવાવાળી છે, તેના લીધે હું ગમગીન છું.

ખુદાયા! મને એવો ફરઝંદ અતા કર જે ઘડપણમાં મારે સહારો હોય અને મારી આંખોની રોશની હોય તે મારો વારિસ અને મારો વસી હોય પછી તેના ગમમાં મને મુબ્તેલા કર. જેવી રીતે તે પોતાના હબીબ મોહમ્મદે મુસ્તફા(સ.અ.વ.)ને તેમના ફરઝંદના ગમમાં મુબ્તેલા કર્યા.

ખુદાએ જનાબે ઝકરીયા(અ.સ.)ને યહ્યા અતા કર્યા અને તેના ગમમાં મુબ્તેલા કર્યા. જનાબે યહ્યા અને હઝરત ઈમામ હુસૈન(અ.સ.) બન્નેની હમલની મુદ્દત છ મહીના છે.

(કમાલુદ્દીન, ભાગ:૨, પાના:૪૨૦)

## હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની દ્રષ્ટિએ હઝરત ઈમામ મહદી(અ.સ.):

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ ફરમાવ્યું કે હારિસે અઅવરે હઝરત ઈમામ હુસૈન(અ.સ.)થી 'વશ્શમ્સે વઝ્ ઝોહાહા' ના વિશે પુછયુ તો આપ(અ.સ.)એ ફરમાવ્યું: તેનાથી હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) મુરાદ છે. 'વલ્ કમરે

એઝા તલાહા' ના વિશે પુછ્યું તો ફરમાવ્યું: તેનાથી મુરાદ અમીરૂલ મોઅમેનીન(અ.સ.) છે, જે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) પછી છે. 'વન્નહારે એઝા જલ્લાહા' ના વિશે પુછ્યું તો ફરમાવ્યું:

*''ઝાલેક કાએમો મિન આલે મોહમ્મદ યમ્લઉલ્ અર્ઝ કિસ્તંવ્ વ અદલા''*

*''તેનાથી મુરાદ કાએમે આલે મોહમ્મદ(અ.સ.) છે, જે ઝમીનને અદ્લો ઈન્સાફથી ભરી દેશે.''*

(તફસીરે ફુરાતે કુફી, પાનાઃ ૨૧૨)

## હઝરત ઇમામ મહદી(અ.સ.) મુન્તકીમે ખુને હુસૈન(અ.સ.) છેઃ

હઝરત ઇમામ હુસૈન(અ.સ.) અને તેમના સાથીઓની મઝલુમ શહાદતનો બદલો હઝરત ઇમામ મહદી(અ.સ.) લેશે. હઝરત ઇમામ મોહમ્મદે બાકિર(અ.સ.)એ કુરઆને કરીમની આ આયત...

*''વ મન્ કોતેલ મઝલૂમન્ ફકદ્ જઅલ્ના લે વલીય્યેહી સુલ્તાના ફલા યુસ્રીફ ફિલ્ કત્લે ઈન્નહુ કાન મન્સૂરા''*

*''જેને મઝલુમ કત્લ કરવામાં આવ્યા તો અમે તેના વારિસો માટે હક અને હુકુમત આપી છે. તેઓ કત્લમાં ઇસ્રાફ નહી કરે''*

આ આયતની તાવીલના વિશે ફરમાવ્યું:

''મઝલુમથી મુરાદ હઝરત ઇમામ હુસૈન(અ.સ.) અને તેમના વારિસો છે અને જ્યારે અમારા કાએમ(અ.સ.)નો ઝુહુર થશે તેઓ તેના ખુનનો બદલો લેશે અને કત્લ કરશે ત્યાં સુધી કે લોકો કહેશે કે ઇસ્રાફ કર્યો.''

(તફસીરે બુરહાન, ભાગઃ૨, પાનાઃ૪૧૯)
(બેહારૂલ અન્વાર, ભાગઃ૧૦, પાનાઃ૧૫)

ઇસ્રાફ એટલે બેગુનાહોને કત્લ કરવું. ઇમામે ઝમાના(અ.સ.) મઅસુમ છે. તેમના થકી કોઇ બેગુનાહ કત્લ થવાનો સવાલ જ નથી. ઇસ્રાફ કર્યો એવું એ લોકોનું વિચારવુ હશે જેઓ ઇમામ હુસૈન(અ.સ.)ના કાતિલો તરીકે ફક્ત એ લોકોને સમજે છે જેઓ કરબલામાં હાજર હતા. દીને ઇસ્લામ એ લોકોને પણ ગુનાહમાં બરાબરના ભાગીદાર સમજે છે જેઓ કોઇ ઝુલ્મ ઉપર રાજી હોય અને ઝાલિમના કાર્યની સ્પષ્ટતા અને અર્થઘટન કરે છે અને તેમને બે ગુનાહ સાબિત કરવાની કોશીશ કરે છે. આજે પણ ઘણા એવા બદબખ્ત છે જેઓ યઝીદ અને ઇમામ હુસૈન(અ.સ.)ના બીજા કાતિલોના વખાણ કરે છે. એ તમામ લોકોથી ઇમામે ઝમાના(અ.સ.) બદલો લેશે.

## ઇમામ મહદી(અ.સ.)નો ઝિક્ર-ઇમામ હુસૈન (અ.સ.)ની ઝબાનથીઃ

હઝરત ઇમામે ઝમાના(અ.સ.)ને ઝિયારતે આશુરામાં 'મન્સૂર'ના નામથી યાદ કરવામાં આવ્યા છે. ઇસા અલ-ખશ્શાબે ઇમામ હુસૈન(અ.સ.)ને પુછ્યુઃ શું સાહેબુલઅમ્ર આપ છો? તો આપ(અ.સ.)એ ફરમાવ્યુઃ

*''લા વલાકિન્ સાહેબો હાઝલ અમ્રે અત્તરીદુશ્શરીદુલ મવ્તૂરો બે અબીહે અલ મુકન્ના બે અમ્મેહીયઝઓ સય્ફહુ અલા આતેકેહી સમાનેયત અશ્હોરે''*

(કમાલુદ્દીન ભાગઃ ૧, પાનાઃ ૩૧૮)

*''હું સાહેબેઅમ્ર નથી, પરંતુ સાહેબેઅમ્ર એ છે જે લોકોની નજરોથી દૂર છે. વસ્તીઓથી દૂર તેમનું ઠેકાણું છે. જે પોતાના પિતાના ખૂનનો બદલો લેશે. તેમની કુન્નીયત તેમના કાકાની કુન્નીયત હશે. ૧૮ મહીના સુધી તલવાર તેમના ખભા ઉપર રહેશે.''*

તરીદ અને શરીદ બંને સમાનાર્થી છે. 'તરીદ' અને 'શરીદ' એને કહેવાય છે જે લોકોએ કદર કિંમત ન કરવાથી લોકોથી દૂર થયા હોય. લોકોએ હઝરતના વુજૂદની નેઅમતની કદર ન કરી આ નેઅમતની કદર કરવાના બદલે નાકદરી કરી, તેમના કુટુંબીજનોની કત્લેઆમ કરી, જીભ અને કલમ વડે તેમનો વિરોધ કર્યો, મનમાંથી તેમની યાદ ભૂલવાડી દેવાની શક્ય બધી જ કોશિષ કરી.

'પોતાના પિતાનો બદલો લેશે' એનો મતલબ ઇમામ હસન અસ્કરી(અ.સ.) પણ હોઇ શકે છે. કારણકે તેમને ઝહેર થકી શહીદ કરવામાં આવ્યા હતા અને તેમના કહેવાનો મતલબ ઇમામ હુસૈન(અ.સ.) પણ હોઇ શકે છે.

## હઝરત ઈમામ મહદી(અ.સ.)અને ઝિક્રે ઈમામ હુસૈન(અ.સ.):

હઝરત ઈમામ મહદી(અ.સ.)એ ઝિયારતે નાહિયામાં ઈમામ હુસૈન(અ.સ.)ને આવી રીતે યાદ કર્યા છેઃ

''આપ ફરઝંદે રસૂલ(સ.અ.વ.) છો, આપ કુર્આને કરીમની સનદ અને સહારો છો, આપ ઉમ્મતના મદદગાર અને સ્તંભ છો, ઈતાઅતે પરવરદિગાર કરવામાં અત્યંત મશગૂલ, અહદો પયમાનની હિફાઝત કરવાવાળા, ગુનેહગારોની રિતભાતથી દૂર, દર્દમંદ, લાંબા રૂકુઅ અને સજદા કરવાવાળા, દુનિયાની મોહમાયાથી મોઢુ ફેરવેલ, એવી રીતે મોઢુ ફેરવેલ જેવી રીતે કોઈ સફર કરી રહ્યો હોય, દુનિયાને વહશતની દ્રષ્ટીએ જોતા હતા.''

(બેહારૂલ અન્વાર, ભાગઃ૧૦૧, પાનાઃ૨૩૯)

આવી રીતે ઈમામે ઝમાના(અ.સ.)એ પોતાન જદ્દે બુઝુર્ગવારની ૧૦ સિફતો અને ખાસિયતોનો ઉલ્લેખ કર્યો છે. હકીકત એ છે કે હઝરત ઈમામ હુસૈન(અ.સ.) અને હઝરત ઈમામ મહદી(અ.સ.) એક બીજાને ખૂબ જ ચાહે છે અને બન્ને એક જ હેતૂને સંપૂર્ણ કરવાવાળા છે, એક દીનની હિફાઝત કરવાવાળા છે તો બીજા દીનને પૂરી દુનિયામાં અમલી રીતે સ્થાપિત કરવાવાળા છે.

## હઝરત ઈમામ મહદી(અ.સ.) અને આશૂરાનો દિવસઃ

જેવી રીતે 'અમીરૂલ મોઅમેનીન'નો લકબ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ(અ.સ.)થી ખાસ મખ્સુસ છે, તેવી રીતે 'કાએમ'નો લકબ હઝરત ઈમામ મહદી(અ.સ.)થી મખ્સૂસ છે.

અબુ હમ્ઝા સોમાલીએ હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.)ને પુછ્યુઃ ''શું આપ 'કાએમ' નથી? અને શા માટે ફક્ત વલીએ અસ્ર(અ.સ.)ને કાએમ કહેવામાં આવે છે?'' તો આપ (અ.સ.)એ ફરમાવ્યુઃ

''જ્યારે મારા જદ્દ ઈમામ હુસૈન(અ.સ.)ને કત્લ કરવામાં આવ્યા ત્યારે ફરીશ્તાઓએ ઉંચા અવાજે રડવાનું શરૂ કર્યુ અને બારગાહે ખુદાવંદીમાં ફરીયાદ કરી. ખુદાયા શું તુ એ લોકોને છોડી દઈશ જેઓએ તારા ચુંટાયેલાના ફરઝંદ અને તારી ઉત્તમ મખ્લૂકને કત્લ કર્યા છે?'' ખુદાએ ફરીશ્તાઓ પર વહી કરી. 'અય મારા ફરિશ્તાઓ! થોડી ધીરજ અને શાંતી રાખો મને કસમ છે મારી ઈઝ્ઝત અને જલાલની, હું તે લોકોથી ચોક્કસ અને ચોક્કસ બદલો લઈશ, ભલેને થોડા દિવસો પછી કેમ નહી?' પછી ખુદાવંદે આલમે ઈમામ હુસૈન (અ.સ.)ની નસ્લમાંથી થવાવાળા ઈમામો(અ.મુ.સ.)થી પર્દો ઉઠાવ્યો. આ જોઈને ફરિશ્તાઓ ખુશ થઈ ગયા અને તેઓએ જોયુ કે આ ઈમામો(અ.મુ.સ.)માં એક કયામની હાલતમાં છે. ખુદાવંદે તઆલાએ ફરમાવ્યુઃ ''બે હાઝલ કાએમે અન્તકેમો મિન્હુમ'' ''હું આ કાએમ થકી તેઓથી બદલો લઈશ''

(દલાએલુલ ઈમામત, તબરી, પાનાઃ૨૩૯)

## હઝરત ઈમામ મહદી(અ.સ.)અને ઈમામ હુસૈન (અ.સ.)ની નુસ્રત કરવાની તમન્નાઃ

ઈમામ હુસૈન (અ.સ.) સાથે શહાદતની ખુશનસીબી હાસિલ કરવી એ ખૂબજ મહાન સફળતા અને ઉચ્ચતમ કામિયાબી છે. જેનો ઉલ્લેખ ઝિયારતે વારેસામાં વારંવાર કરવામાં આવે છે. 'કાશ! અમે પણ આપની સાથે હોતે અને એ મહાન સફળતા હાસિલ કરતે'. ઈમામે ઝમાના(અ.સ.)એ ઝિયારતે નાહિયામાં આ શબ્દોમાં આ મહાન તમન્નાનો ઉલ્લેખ આ શબ્દોમાં કરેલ છે.

***''અય મારા જદ્દે મઝલૂમ! જો કે આ દુનિયામાં હું આપના પછી આવ્યો અને ઈલાહી તકદીરના લીધે હું આપની મદદ ન કરી શક્યો, પરંતુ હું આપના ઉપર સવાર-સાંજ આંસુ વહાવીશ અને આંસુના બદલે ખુનના આંસુ વહાવીશ.''***

આ બાબત પરથી ખ્યાલ આવે છે કે હઝરત ઈમામ મહદી(અ.સ.)ની દ્રષ્ટીએ હુસૈન(અ.સ.)ની નુસરત અને મદદ કરવામાં કેટલો મહાન દરજ્જો છે. હઝરત ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.) જ હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના મીશનને સંપૂર્ણ કરશે અને જે દીનની ખાતર ઈમામ હુસૈન(અ.સ.)એ કુરબાની આપી છે તે દીનને પુરી દુનિયામાં સ્થાપિત કરશે ઈન્શાઅલ્લાહ.

## આશુરાનો દિવસ અને ઝુહુરનો દિવસઃ

હઝરત ઈમામ મહદી(અ.સ.)ના ઝુહુરનો કોઈ ખાસ

દિવસ એ રીતે નક્કી નથી કે બસ એ જ દિવસે ઝુહુર થશે, પરંતુ રિવાયતોમાં અમુક દિવસોનો ઉલ્લેખ જરૂર છે કે જે દિવસે ઝુહુરની વધારે ઉમ્મીદ છે એટલે કે એ દિવસોમાં ઝુહુરની વધારે અપેક્ષા કરી શકાય. અમુક રિવાયતોમાં જુમ્આના દિવસનો ઉલ્લેખ છે અને અમુક રિવાયતોમાં આશુરાનો અને અમુક રિવાયતોમાં શનિવારનો ઝિક્ર થએલ છે. આ રિવાયતોને આ રીતે ભેગી કરી શકાય કે જુમ્આ અને આશુરા એક જ દિવસે થઇ શકે છે. જુમ્આના દિવસે ઝુહુરનો દિવસ હશે અને શનિવારનો દિવસ ઝુહુરના સ્થાપિત થવાનો દિવસ હશે. આ રીતે શહાદતનો દિવસ જ દીનની સ્થાપના અને અમલીકરણનો દિવસ હશે. શહાદતનો દિવસ જ તમામ બાતિલ તાકતોની નાબુદીનો દિવસ હશે.

હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યું:

*''૨૩ મી માહે રમઝાનુલ્ મુબારકના હઝરત કાએમ(અ.સ.)ના નામથી નીદા દેવામાં આવશે અને આશુરાનો દિવસ તેમના કયામનો દિવસ હશે કે જે દિવસે હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ને શહીદ કરવામાં આવ્યા હતા.''*

(ગયબતે તુસી, પાનાઃ૪૭૪)

જાણે કે શબે કદ્રમાં હઝરતના ઝુહુરનો ફેંસલો થઇ જશે, તેમને ઝુહુરની જાણ કરી દેવામાં આવશે અને આશુરાનો દિવસ તેમના કયામ અને ઝુહુરનો દિવસ હશે.

## હઝરત ઇમામ મહદી(અ.સ.)ની પ્રથમ તકરીરઃ

ઝુહુર પછી હઝરત ઇમામ મહદી(અ.સ.) પોતાની પ્રથમ તકરીરમાં પોતાનો પરિચય આ રીતે કરાવશે જેનાથી સ્પષ્ટ થઇ જશે કે ઝુહુર અને શહાદતમાં કેટલો ગાઢ સંબંધ છે.

જ્યારે હઝરત ઇમામ મહદી(અ.સ.)નો ઝુહુર થશે ત્યારે તેઓ હજ્રે અસ્વદ અને મકામે ઇબ્રાહીમની વચ્ચે ઉભા રહીને આ રીતે પોતાનો પરિચય કરાવશે.

*''અલા યા અહલલ્ આલમ્ અનલ્ ઇમામુલ્ કાએમ''*

*''અય દુનિયાવાળાઓ આગાહ થઇ જાઓ હું જ ઇમામે કાએમ(અ.સ.) છું''*

*''અલા યા અહલલ્ આલમ્ અનસ્ સમસામુલ્ મુન્તકીમ''*

*''અય દુનિયાવાળાઓ જાણી લ્યો હું બદલો લેવાવાળી તલવાર છું''*

*''અલા યા અહલલ્ આલમ્ ઇન્ન જદ્દીલ્ હુસૈન કોતેલુહો અતશાના''*

*''અય દુનિયાવાસીઓ સાંભળી લ્યો, મારા જદ્ ઇમામ હુસૈન(અ.સ.)ને તરસ્યા શહીદ કરવામાં આવ્યા''*

*''અલા યા અહલલ્ આલમ્ ઇન્ન જદ્દીલ્ હુસૈન તોરેહહો ઉર્યાનન્''*

*''અય દુનિયાવાળાઓ મારા જદ્ હુસૈન(અ.સ.)ને કફન દફન વગર જમીન પર છોડી દેવામાં આવ્યા''*

*''અલા યા અહલલ્ આલમ્ ઇન્ન જદ્દીલ્ હુસૈન સોહેકુહો ઉદ્વાનન્''*

*''અય દુનિયાવાળાઓ મારા જદ્ હુસૈન(અ.સ.)ને કત્લ કર્યા પછી પાયમાલ કરવામાં આવ્યા''*

(મજલએ ઇન્તેઝાર, વર્ષઃ૧, અંકઃ૨, પાનાઃ૧૭૮)

હઝરત ઇમામ મહદી(અ.સ.) પ્રથમ પોતાના કાએમ હોવાનું એલાન કરશે, પછી બદલો લેનાર તલવાર તરીકે ઉલ્લેખ કરશે, પછી હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ના મસાએબનું બયાન કરશે. હઝરત પોતાની વાતચીતની શરૂઆત ઇમામ હુસૈન(અ.સ.)ની મજલીસથી કરશે. આ બાબત પરથી ખ્યાલ આવી જશે કે હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ના મસાએબ બયાન કરવા એ કેટલુ મહત્વ ધરાવે છે અને એ પણ સ્પષ્ટ થઇ જાય છે કે હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની શહાદતના હેતુઓની સંપૂર્ણતા હઝરત ઇમામ મહદી(અ.સ.)નો પૂર નૂર ઝુહુર છે અને એ પણ સ્પષ્ટ થઇ જાય છે કે જેઓ સય્યદુશ્શોહદા(અ.સ.)ના મસાએબ બયાન કરે છે તેઓ પોતાના ઝમાનાના ઇમામ(અ.સ.)ની સીરત અને સુન્નત ઉપર અમલ કરી રહ્યા છે અને જેઓ આ કાર્યમાં રૂકાવટ પૈદા કરી રહ્યા છે, તેઓ પોતે જ પોતાનો ફેંસલો કરી લે.

## હઝરત ઈમામ મહદી(અ.સ.) અને ઈન્તેકામે ખુને હુસૈન(અ.સ.):

હઝરત ઈમામ હુસૈન(અ.સ.)એ હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન(અ.સ.)ને ફરમાવ્યું:

***''ખુદાની કસમ! મારૂ લોહી એ સમય સુધી જોશ મારતુ રહેશે ત્યાં સુધી કે ખુદાવંદે આલમ મહદીને જાહેર કરે, તેઓ મારા ખુનનો બદલો લેશે અને ૭૦,૦૦૦ મુનાફિક, ફાસિક, કાફિરને કત્લ કરશે.''***

(મનાકીબ ઈબ્ને શહરે આશુબ, ભાગ:૪, પાના:૮૫ / બેહાર, ભાગ:૪૫, પાના:૨૯૯)

હઝરત ઈમામ અલી રેઝા(અ.સ.)ની ખીદમતમાં રાવીએ સવાલ કર્યો, આ રિવાયતના વિશે આપ શું કહો છો કે હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યું: ''જ્યારે અમારા કાએમ(અ.સ.) કયામ કરશે, ઈમામ હુસૈન(અ.સ.)ના કાતિલોના વારિસોને તેમના બાપ-દાદાઓના ગુનાહને લીધે કત્લ કરશે.'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું: ''હા, આ હદીસ સહીહ છે.'' રાવીએ કહ્યું : તો પછી કુરઆને કરીમની આ આયતનો અર્થ શું છે? ''વલા તઝેરો વાઝેરતુંવ્ વિઝ્ર ઉખરા'' ''કોઇ પણ બીજાઓના ગુનાહોનો ભાર ઉઠાવશે નહી'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું: ''અલ્લાહે સાચુ કહ્યું છે, પરંતુ કારણ કે આ લોકો પોતાના બાપ-દાદાઓના કાર્ય પર રાજી હતા અને તેના પર ફખ્ર કરતા હતા. અગર કોઇ શખ્સ કોઇ કામ બાબતે રાજી હોય તો તે કાર્ય કરવાવાળા જેવો છે. અગર કોઇને પૂર્વમાં કત્લ કરવામાં આવે અને બીજો પશ્ચિમમાં તે કત્લ ઉપર રાજી હોય, ખુશ હોય તો તે પણ ખુદાની નઝદીક કાતિલની સાથે ગુનાહમાં ભાગીદાર છે અને એ કે કાએમ(અ.સ.) પોતાના ઝુહુરના સમયે ઈમામ હુસૈન(અ.સ.)ના કાતિલોની ઔલાદને કત્લ કરશે એ કારણે કે તેઓ પોતાના બાપ-દાદાઓના કાર્યથી રાજી હતા.

(એલલુશ્શરાએઅ ભાગ:૧ પાના:૨૧૯, ઓયુને અખ્બારે રેઝા ભાગ:૧ પાના:૨૭૩, બેહારૂલ અન્વાર ભાગ:૫૨ પાના:૩૧૩)

## હઝરત ઈમામ મહદી(અ.સ.) અને ઈમામ હુસૈન(અ.સ.)ની સફરની સંપૂર્ણતા:

હઝરત ઈમામ હુસૈન(અ.સ.)એ મક્કએ મુકર્રમાથી કુફાની સફર અપનાવી હતી અને તેઓ કુફામાં કયામ કરવા ચાહતા હતા. પરંતુ ઝાલીમોએ હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની આ સફર પૂરી થવા ન દીધી અને તેમને કુફામાં દાખલ થવા ન દીધા પરંતુ કરબલામાં શહીદ કરી દીધા. હઝરત ઈમામ મહદી(અ.સ.) ઝુહુર બાદ કુફાને પોતાનું કેન્દ્ર બનાવશે.

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ ફરમાવ્યુ:

***''મહદી જાહેર થશે, તેઓ કુફામાં આવશે અને ત્યાં જ તેમનું ઘર હશે.''***

(બેહારૂલ અન્વાર, ભાગ:૨૫, પાના:૨૨૫)

એક અન્ય રિવાયતમાં ફરમાવ્યું:

***''જ્યારે અમારા કાએમ(અ.સ.) ઝુહુર ફરમાવશે તેઓ કુફામાં જશે, તે સમયે દરેક મોમીન હઝરત ઈમામ મહદી (અ.સ.)ના શહેરમાં જીવન પસાર કરશે અથવા ત્યાં જરૂર જશે.''***

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના:૩૮૫)

આ રીતે રિવાયત ઉપરથી સ્પષ્ટ થાય છે કે કુફા હઝરત ઈમામ મહદી(અ.સ.)ની રાજધાની હશે, ત્યાં જ તેઓ રહેશે અને ત્યાંથી જ પુરી દુનિયા ઉપર હુકુમત કરશે.

## હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના મદદગારો હઝરત ઈમામ મહદી(અ.સ.)ના મદદગારો:

હઝરત ઈમામ મહદી(અ.સ.)ના લશ્કરમાં મોઅમીનોની સાથે આસમાની ફરિશ્તાઓ પણ હશે. રય્યાન ઇબ્ને શબીબે હઝરત ઈમામ અલીરેઝા(અ.સ.)થી રિવાયત નક્લ કરી છે:

''હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની નુસ્રત અને મદદ માટે આસમાનમાંથી ૪૦૦૦ ફરિશ્તાઓ નાઝિલ થયા. જ્યારે તેઓ કરબલા પહોંચ્યા ત્યારે હઝરત ઈમામ હુસૈન(અ.સ.) શહીદ થઇ ચુક્યા હતા. એ સમયથી ફરિશ્તાઓ હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની પવિત્ર કબ્ર પર ગમઝદા અને ધૂળથી લથપથ થઈને રહે છે, ત્યાં સુધી કે હઝરત કાએમ(અ.સ.)નો ઝુહુર થાય. તે સમયે આ ફરિશ્તાઓ તેમના મદદગારો અને અન્સારમાં ગણાશે અને તેમનો નારો અને સુત્ર હશે 'યા લેસારાતીલ્ હુસૈન' 'અય ઈમામ હુસૈન(અ.સ.)ના નાહક

ખુનનો બદલો લેનાર''

(અમાલીએ સદુક, મજલિસઃ૨૭ / બેહારૂલ્ અન્વાર, ભાગઃ૪૪, પાનાઃ૨૮૫)

હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની નુસ્રતની તમન્ના હઝરત ઇમામ મહદી(અ.સ.)ની નુસ્રત કરીને પુરી થઇ શકે છે. આથી દરેક એ શખ્સ જે ઝિયારતે વારેસા પઢતી વખતે આ તમન્ના કરે છે કે ''કાશ! હું પણ મૈદાને કરબલામાં હોતે'' તો આ ઝમાનામાં હઝરત ઇમામે ઝમાના(અ.સ.)ની નુસ્રત અને મદદ કરીને આ મહાન ખુશનસીબી હાસિલ કરી શકે છે. ગયબતના સમયમાં ઇમામે ઝમાના(અ.સ.)ની નુસરત અને મદદ કરીને પણ આ ખુશનસીબી મેળવી શકાય છે. ગયબતના સમયમાં હઝરત ઇમામે ઝમાના(અ.સ.)ના ઝિક્રને ફેલાવવો, લોકોના દિલોમાં તેમના પ્રત્યે મોહબ્બતમાં વધારો કરવો, તેમની યાદ અપાવવી, તેમનાથી સંબંધિત લોકોના દિલમાંથી શક અને શંકાઓને દુર કરવી, ઇમામ(અ.સ.)ના ઝુહુર માટે લોકોને તૈયાર કરવા, તેમના ઝુહુર માટે સંપૂર્ણ ઇન્તેઝાર કરવો...... આ તમામ નુસ્રતના તરીકાઓ છે. જેટલી બને તેટલી આ માર્ગમાં કોશિષ કરીએ અને હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની નુસ્રત અને મદદની તમન્ના પુરી કરીએ.

## ઇમામ હુસૈન(અ.સ.)ની વિલાદતનો દિવસ અને ઇમામ મહદી(અ.સ.)ની યાદઃ

૩ શાબાનુલ્ મોઅઝ્ઝમ એ સરકારે સય્યદુશ્શોહદા હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની વિલાદતનો દિવસ છે. આ મુબારક દિવસની મુનાસેબતથી એહલેબૈત(અ.મુ.સ.) અને તેમના શીઆઓ તથા દોસ્તોના માટે ખુબ જ ખુશીનો દિવસ છે. આ દિવસ અલ્લાહ તઆલાની નઝરોમાં એક મહાન દિવસ છે. આ અઝીમ દિવસની મુનાસેબતથી ખુદાવંદે આલમે સરકારે રિસાલત મઆબ(સ.અ.વ.)ની ખિદમતમાં લીલા રંગની એક તખ્તી પર નૂરથી લખેલ હદીસ તોહફામાં મોકલી હતી જેને 'હદીસે લવ્હ' કહેવાય છે. આ હદીસમાં ૧૪ માઅસુમીન(અ.મુ.સ.)ની રિસાલત, વિલાયત અને ઇમામતનો ઉલ્લેખ છે. હઝરત ઇમામ મહદી(અ.સ.)નો ઉલ્લેખ ખાસ કરીને થયેલ છે. અલ્ મુન્તઝરના ઘણા બધા અંકોમાં આ હદીસનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આથી તેનું અહી વર્ણન નથી કરતા. તે દિવસના ખાસ આમાલ અને દુઆઓ છે. આ દુઆઓમાં હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની સાથે હઝરત ઇમામ મહદી(અ.સ.)નો ઝિક્ર થયેલ છે. એક દુઆમાં આ રીતે છેઃ

***''ખુદાયા! આજના દિવસે પૈદા થનાર એ ફરઝંદના હકનો વાસ્તો આપીને તારી બારગાહમાં દુઆ કરૂ છું કે જેની વિલાદતના સાથો સાથ તેની શહાદતની ખબર દેવામાં આવી. જેની શહાદત પર ઝમીન અને આસમાન અને તેમાં મૌજુદ તમામ મખ્લુકાતે ગીર્યા કર્યુ અને જેની શહાદતના બદલા તરીકે તેમના વંશમાં ઇમામત રાખી, તેમની માટીમાં શીફા અને જેની સાથે ખુશનસીબી અને કામ્યાબી રાખી તેમજ તેની ઝુર્રીયતમાં કાએમ(અ.સ.)ને રાખ્યા જેના માટે ગયબત નક્કી કરવામાં આવી છે.....''***

(મિસ્બાહુલ્ મુતહજ્જીદ, પાનાઃ૭૫૮ / મફાતિહુલ્ જીનાન, ૩ શાબાનના આમાલ)

## ઇમામ મહદી(અ.સ.)ની વિલાદતનો દિવસ અને ઇમામ હુસૈન(અ.સ.)નો ઝિક્રઃ

શબે કદ્ર પછી ૧૫મી શાબાનની રાત સૌથી મહાન અને બરકતવાળી રાત છે. એક રાતમાં ખામોશ કુરઆન નાઝિલ થયું તો બીજી રાતમાં બોલતું કુરઆન. એક રાત 'કદ્ર' જે હજાર મહીનાથી બેહતર છે અને બીજી રાત આ 'કદ્ર'ની અમલી તફસીર છે. શબે કદ્રની જેમ આ રાતે પણ પુરી રાત ઇબાદત કરવી બેહતરીન અમલ છે. આ ફઝીલતવાળી રાતનો સૌથી બેહતરીન અમલ ઝિયારતે ઇમામ હુસૈન(અ.સ.) છે અને તેની શાન એ છે કે જે શખ્સ ૧,૨૪,૦૦૦ નબીઓની સાથે મુસાફેહો કરવાનું ચાહે તો તેણે હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરવી જોઇએ.

જાણે કે આ શબમાં તમામ અંબિયા(અ.મુ.સ.) હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની ખિદમતમાં તેમના ફરઝંદે અઝીઝ હઝરત ઇમામ મહદી(અ.સ.)ની વિલાદતની મુબારકબાદી આપવા માટે હાજર થયા હોય. આપના શહાદતના હેતુની સંપૂર્ણતા અને આપના દીનને પુરી દુનિયામાં સ્થાપિત કરવાવાળા અઝીમ ફરઝંદની વિલાદત આપને મુબારક થાય.

## શબે કદ્ર અને ઇમામ હુસૈન(અ.સ.)ની યાદઃ

વર્ષની સૌથી શ્રેષ્ઠ રાત શબે કદ્ર છે. આ શબ હઝરત ઇમામ મહદી(અ.સ.)થી મખ્સુસ છે. આ રાતે તમામ ફરિશ્તાઓ અને રૂહ આખા વર્ષના કાર્યો અને બાબતો લઇને હઝરત ઇમામ મહદી(અ.સ.)ની ખિદમતે અક્દસમાં નાઝિલ થાય છે. આ રાતનો શ્રેષ્ઠ અમલ હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત છે. આ રાતે જે ઝિયારતે હઝરત ઇમામ હુસૈન(અ.સ.) કરે તો તેને ૧,૨૪,૦૦૦ નબીઓથી મુસાફેહો કરવાનો શરફ નસીબ થશે.

ઇમામ મહદી(અ.સ.)ની વિલાદતના દિવસમાં પણ ઝિયારતે ઇમામ હુસૈન(અ.સ.) કરવાવાળાને ૧,૨૪,૦૦૦ નબીઓથી મુસાફેહો કરવાનો શરફ હાસિલ થશે અને શબે કદ્રમાં પણ ઝિયારત કરનારને ૧,૨૪,૦૦૦ અંબિયા (અ.મુ.સ.)થી મુસાફેહાનો શરફ હાસિલ થશે. કદાચ તેનું કારણ એ છે કે ૧૫મી શાબાન ઇમામ મહદી(અ.સ.)ની વિલાદતની રાત છે અને શબે કદ્રમાં આપના ઝુહુરને નક્કી કરવામાં આવશે. એક રાત વિલાદતના લીધે મોહતરમ છે અને એક રાત ઝુહુર નક્કી થવાના લીધે મોહતરમ છે. બન્ને રાતો ઇમામે ઝમાના (અ.સ.)થી મખ્સુસ છે અને બન્ને રાતોમાં ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત છે.

## દુઆએ નુદ્બા અને ઇમામ હુસૈન(અ.સ.)નો ઝિક્રઃ

ઇમામે ઝમાના(અ.સ.)થી મખ્સુસ દુઆઓમાં એક દુઆ દુઆએ નુદ્બા છે. જેને હઝરત ઇમામ મહદી(અ.સ.)ની મદદ કરવાની તમન્ના રાખવાવાળા દર જુમ્આના દિવસે પઢે છે અને દિલના ઉંડાણથી પોતાના ઇમામ(અ.સ.)ની જુદાઇમાં આંસુ વહાવે છે અને પોતાના દિલને ઇમામ(અ.સ.)ની યાદ થકી તાજુ રાખે છે. આ દુઆ સનદના દ્રષ્ટિકોણથી અને ઓલમાના સતત અમલના લીધે ભરોસાપાત્ર દુઆ છે. આ દુઆમાં ઇમામે ઝમાના(અ.સ.)ના ઝિક્રની સાથે ઇમામ હુસૈન(અ.સ.)નો પણ ઝિક્ર છે. દુઆએ નુદ્બાના આ વાક્યો ઉપર વિચાર કરો અને ઇમામ હુસૈન(અ.સ.)ને યાદ કરો. ‘‘અય્નલ્ હસનો અય્નલ્ હુસૈનો અય્ન અબ્નાઉલ્ હુસૈન’’ ‘‘ક્યાં છે હસન(અ.સ.)? ક્યાં છે હુસૈન(અ.સ.)? ક્યાં છે હુસૈન(અ.સ.)ના ફરઝંદો? ક્યાં છે એક પછી એક નેકુકાર?’’ કયાં છે સદાકતની એક પછી એક હસ્તી? અને ત્યાર બાદ ખાસ કરીને ઇમામ હુસૈન(અ.સ.)નો ઝિક્ર છે.....

*‘‘અય્નત્ તાલેબો બે દમિલ્ મક્તુલે બે કરબલા?’’*

*‘‘ક્યાં છે કરબલામાં શહીદ થનારાઓના ખુનનો બદલો લેનાર?’’*

આ રીતે દર જુમ્આના ઇમામે ઝમાના(અ.સ.)ની સાથો સાથ ઇમામ હુસૈન(અ.સ.)ની યાદ તાજી થાય છે.

## ઝિયારતે આશુરા અને હઝરત ઇમામ મહદી(અ.સ.)નો ઝિક્રઃ

ઝિયારતે આશુરા ખુબ જ ભરોસાપાત્ર અને પ્રમાણિત ઝિયારતોમાંથી છે. અઇમ્મએ માસુમીન(અ.મુ.સ.)એ અને ખાસ કરીને ઇમામે ઝમાના(અ.સ.)એ તેને દરરોજ પઢવાની તાકીદ કરી છે અને રિવાયતોમાં તેનો ખુબ જ સવાબ બયાન થયો છે. આ રિવાયતમાં પણ હઝરત ઇમામ મહદી(અ.સ.)નો ઉલ્લેખ છે.

*‘‘અંય યરઝુકની તલબ સારેક મઅ ઇમામિન્ મન્સૂરિન મિન અહલેબૈતે મોહમ્મદિન સલ્લલ્લાહો અલય્હે વ આલેહ’’*

*‘‘ખુદાયા! મને તૌફિક અને ખુશનસીબી અતા કર કે હું એહલેબૈત(અ.મુ.સ.)ના મન્સૂર ઇમામની સાથે આપનો બદલો લઇ શકું’’*

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ આ આયત– ‘‘**વમન કોતેલ મઝ્લૂમન**’’ વિશે ફરમાવ્યુઃ-

*‘‘સુમ્મેયલ મહદી મન્સૂરા’’*

હઝરત ઇમામ મહદી(અ.સ.)ને મન્સૂર કહેવામાં આવે છે. જેવી રીતે હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.)ને અહમદ(સ.) અને મોહમ્મદ(સ.) કહેવામાં આવે છે અને જનાબે ઇસા(અ.સ.)ને મસીહ કહેવામાં આવે છે.

એટલે કે હઝરત ઇમામ મહદી(અ.સ.)નું એક નામ મન્સૂર પણ છે.

ઝિયારતે આશુરામાં છેઃ

*‘‘અંય યરઝુકની તલબસારી મઅ ઇમામિમ*

*મહદીય્યીન્ ઝાહેરિન્ નાતેકિન્ મિન્કુમ''*

*''ખુદાયા! મને ઈમામ મહદી(અ.સ.)ની સાથે ઈમામ હુસૈન(અ.સ.)ના ખુનનો બદલો લેવાની તૌફિક અતા કર અવી રીતે કે તેઓ ઝાહેર હોય અને વાતચીત કરતા હોય.''*

આ રીતે આ વાક્યોમાં હઝરત ઈમામ મહદી(અ.સ.)ના ઝુહૂરની પણ દુઆ છે. સાથે સાથે હકની મદદ કરવાની પણ દુઆ છે અને ઈમામ હુસૈન(અ.સ.)ના ખૂનનો બદલો લેવાની પણ દુઆ છે.

## આશૂરાનો દિવસ અને ઈમામ મહદી(અ.સ.)ની યાદઃ

જેવી રીતે ઝિયારતે આશૂરામાં હઝરત ઈમામ મહદી(અ.સ.)નો ઉલ્લેખ છે તેવી રીતે આશૂરાના દિવસના આમાલમાં એક મહત્વનો અમલ હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની મહાન મુસીબત પર એક બીજાને પુરસો દેવો છે અને પુરસો આપવાનો તરીકો આ મુજબ શિખવાડવામાં આવ્યો છે.

*''અઅ્ઝમલ્લાહો ઓજૂરના બે મોસાબેના બિલ હુસૈન(અ.સ.) વ જઅલના વ ઈય્યાકુમ મેનત્તાલેબીન બે સારેહી મઅ વલીય્યેહી અલ્ ઈમામિલ મહદીય્ય મિન આલે મોહમ્મદિન અલયહેમુસ્સલામ''*

*''ખુદાવંદે આલમ હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની મહાન મુસીબત ઉપર અમારા અજ્ર અને સવાબમાં વધારો કરે. અમને અને તમને ઈમામ હુસૈન(અ.સ.)ના વારિસ હઝરત મહદીએ આલે મોહમ્મદની સાથે તેમનો બદલો લેવાવાળામાં શુમાર કરે.''*

આ રીતે આ મહાન મુસીબતના દિવસે પણ ઈમામ હુસૈન(અ.સ.)ની મુસીબતની સાથે યાદે મહદી(અ.સ.) છે.

## ઈમામ હુસૈન(અ.સ.) અને રજઅતઃ

ઈસ્લામી તાલીમ મુજબ જેવી રીતે હઝરત ઈમામ મહદી(અ.સ.)નો ઝુહુર ચોક્કસ અને યકીની છે, તેવી જ રીતે રજઅત પણ ચોક્કસ અને નિઃસંશય છે. રજઅત એટલે હઝરત ઈમામ મહદી(અ.સ.)ના ઝુહુર બાદ જે લોકો આ દુનિયાથી ગુજરી ગયા છે તેઓને ફરીવાર જીવતા કરવામાં આવશે. રજઅતને એ લોકો જ અશક્ય સમજે છે જેઓ કયામતમાં માનતા નથી. જે લોકો કયામતમાં તમામ મુર્દાઓને ફરી જીવંત થવાની બાબતમાં માન્યતા ધરાવે છે તેઓ માટે અમુક લોકોનું કયામત પહેલા હઝરત ઈમામ મહદી(અ.સ.)ના ઝુહુર અને તેમની હુકુમતના ઝમાનામાં ફરીવાર જીવંત થવું એ કોઇ આશ્ચર્યની વાત નથી પરંતુ સુન્નતે ખુદા મુજબ છે.

જે લોકોની રજઅત થશે તેમાં એક ઈમામ હુસૈન(અ.સ.) છે. હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)ની રિવાયત મુજબ સૌથી પહેલા જેના માટે જમીન ફાટશે અને દુનિયામાં પાછા ફરશે તે હઝરત ઈમામ હુસૈન ઈબ્ને અલી(અ.સ.) છે.

(બેહારૂલ્ અન્વાર, ભાગઃ૫૩, પાનાઃ૩૯ /
તફસીરે બુરહાન, ભાગઃ૨, પાનાઃ૪૦૮)

એક અન્ય રિવાયતમાં હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.) એ ફરમાવ્યું:

***''સૌથી પહેલા જે લોકોની રજઅત થશે તે હઝરત ઈમામ હુસૈન(અ.સ.) અને તેમના અસ્હાબે બાવફા છે. તેમની સાથો સાથ યઝીદ અને તેના લશ્કરીઓની પણ રજઅત થશે અને તેઓ બધાને કત્લ કરી દેવામાં આવશે.''***

ત્યાર બાદ હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)એ આ આયતે શરીફાની તિલાવત કરીઃ

*''સુમ્મ રદદ્ના લકોમુલ્ કર્રત અલય્હીમ્ વ અમ્દદ્નાકુમ્ બે અમ્વાલીન્ વ બનીન વજ્અલ્નાકુમ અક્સર નફીરા''*

(સુ. બની ઈસરાઈલ, આયતઃ૬)

*''પછી અમે તમને તેઓ પર ફરીવાર સત્તા આપીશુ માલ અને ઔલાદથી તમારી મદદ કરીશું અને તમારી ગણતરીમાં વધારો કરીશું.''*

(બેહારૂલ્ અન્વાર, ભાગઃ૫૩, પાનાઃ૭૬ /
નુરૂસ્સકલૈન, ભાગઃ૩, પાનાઃ૧૪૦)

હઝરત ઈમામ મોહમ્મદે બાકિર(અ.સ.)ની એક રિવાયતમાં છેઃ

અનુસંધાન પાના નં. ૩૧ ઉપર ...

# મુસ્તઝઅફ - કમઝોર કરાયેલા

**પ્રસ્તાવના :**

દુનિયાની ખિલ્કતની શરૂઆતથી લોકો ત્રણ પ્રકારના જોવા મળે છે અને આ ત્રણ પ્રકારના લોકો દરેક જગ્યાએ જોવા મળે છે. આ ત્રણ સમૂહોને પારિભાષિક રીતે ત્રણ નામ આપવામાં આવ્યા છે. મુસ્તઝઅફીન (કમઝોર કરાએલા), મુતકબ્બેરીન (ઘમંડીઓ) અને આમ્મીન (સામાન્ય માણસ). મુતકબ્બેરીન અગર ન હોત તો મુસ્તઝઅફીન પણ કોઇ ન હોત. આ સમૂહ છે જે ઝુલ્મ અને સખ્તાઇ કરવામાં આગળ હોય છે. ઝુલ્મ, સિતમ, દબાવ, ભીંસ, મક્રો ફરેબ એ આ સમુહનું કામ છે. અને તેમનું લક્ષ્ય કમઝોર વર્ગના લોકો હોય છે.

રાકેમુલ હુરૂફ (લેખક) મુસ્તઝઅફની વ્યાખ્યા આપશે અને તેની સ્પષ્ટતા કરશે. પરંતુ એ પહેલા એ મધ્યમ વર્ગના લોકો જે સામાન્ય માણસ છે તેના વિશે થોડો પ્રકાશ ફેંકીએ જેના પર અભિમાનીઓ બહુજ ખુબીની સાથે અસરકારક હોય છે.

આ એ લોકો છે જે મધ્યમ અને મિશ્રીત છે. જેઓના દિલ ન તો મજબૂત હોય છે અને ન તો તેઓ ઇરાદાના પાકા હોય છે. તેઓ મહેરૂમિય્યતનો ભોગ બનવાના લીધે કમઝોર તો હોય છે. પણ બંને બાજુ ઢળવાની આવડત ધરાવે છે. કદાચ આ સમૂહના ચૂંટેલા અને નેક લોકોને અસ્હાબે અઅરાફ કહેવામાં આવ્યા છે તેમાંથી એક નાનો સમુહ પાક તીનત છે. અને દૂરઅંદેશ છે. તો તેઓ એ મુસ્તઝઅફીનથી પ્રભાવિત થઇને તે વર્ગની સાથે થઇ જાય છે અને તેમની રીતભાત પર પોતાના દીમાગ અને વિચારોને એક નૂરે હયાત તરફ લઇ જાય છે. મોટા ભાગના લોકો એ બાજુ પોતાનું ફીકરી વલણ રાખે છે જે મુતકબ્બેરીનની ખાસીયતો, આદતો અને રીતો વર્તન અને વાણીમાં શામીલ હોય છે અને તેઓ પોતાના સમુહના લોકોની પસ્ત સ્તરથી ઉઠીને એક ઉચ્ચ સ્તર સુધી પહોંચવાની કોશીશ કરતા રહે છે.

આ સમૂહમાં પણ મોટા મોટા (હર ફન મવલા-દરેક ક્ષેત્રમાં નિષ્ણાંત) મળશે, જેઓ પોતાની આજુ બાજુ એક નવી ટોળી બનાવી લે છે, ઉદાહરણ તરીકે ક્યાંક કોઇક તબક્કામાં અલી મોહમ્મદ બાબ તો ક્યાંક ગુલામ અહેમદ કાદીયાની, ક્યાંક કાળા કપડા પહેરેલા સુફીઓ અને ક્યાંક મલંગના સ્વરૂપમાં નજર આવે છે. આ બધા મુસ્તઝઅફની તરફથી ભાગવાના રસ્તાના તલાશ કરનારા છે. તેઓ રસ્મો રિવાજ અને નિરર્થક ખયાલોમાં ગિરફતાર છે. તેઓ બોલવામાં કમઝોર વર્ગથી સંબંધ ધરાવે છે. એવી ઉમ્મીદથી તેઓ પણ તેની ખોલથી નિકળવાની તદ્બીર પર અમલ કરે છે. આ એ લોકો છે જેની અકલ અને સમજણ તેની ક્ષિતિજની દ્રષ્ટિએ ટુંકી હોય છે. અને તેઓના ડગલા સીધા રસ્તા પર મજબૂતીથી નથી રહેતા, અને લાલચ તેઓને અલ્લાહની ધમકી તરફ કાન ધરવા નથી દેતુ.

અગર વિશ્વ દ્રષ્ટિના લિહાજથી પારખવામાં આવે તો મુસ્તઝઅફ જ્યાં મુતકબ્બીરોથી તકલીફો અને મૂસીબતનો સામનો કરે છે ત્યાંજ આ વર્ગના લોકો કે જેઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે મુસ્તઝઅફીન માટે ઇઝા પહોંચાડવાનું મોટુ કારણ બની જાય છે.

હઝરત મુસ્લીમ(અ.સ.)નું ઉદાહરણ લો. આપ (અ.સ.)ની કુફામાં જે હાલત થઇ તે બિલકુલ સાફ અને અરીસાની જેમ છે. હજારો પત્રો આવ્યા હતા, હજારો લોકોએ આપના હાથ ઉપર બયઅત કરી હતી અને અંતે જ્યારે ફક્ત ૩૦ જણા બાકી રહી ગયા હતા તો તેમની પત્નિઓએ તેમને ઘરે પાછા બોલાવી લીધા અને જનાબે મુસ્લીમ(અ.સ.) કુફામાં એકલા હતા. જનાબે મુસ્લીમ(અ.સ.)ને કમઝોર કરી નાખવામાં આવ્યા ત્યાં સુધી કે તેઓ પોતાના મહાન હોદ્દાની હિફાઝત માટે મજબુતીથી લડ્યા. આ એજ મહાન મતાલીબ છે, જે કુર્આને કરીમમાં ઇસ્તઝઅફુ ફિલ અર્ઝેના નામથી યાદ કરવામાં આવ્યા છે.

મુસ્તઝઅફનો મતલબ કમઝોર, નબળા, નિર્બળ, અશક્તિમાન, લાચાર, બેબસ, તુટી ગયેલા, પોતાના હકથી

વંચિત, ઝુલ્મની સામે મઝલુમ, પાછળ રાખી દેવામાં આવેલ, ફક્રનો માર્યો, ગરીબ, બેસહારા. મુતકબ્બીરથી એકદમ વિરૂધ્ધ, મજબુર, બેકસ, દર્દને સહન કરનાર, તકલીફમાં ઘેરાયેલ. આ તમામ મતલબો અને અર્થોની સાથે આ પ્રકારની અન્ય કયફીયાત પણ છે. જે મુસ્તઝઅફના વર્ગમાં આવે છે. પરંતુ મુસ્તઝઅફ આ અર્થો અને મતલબોથી હટીને પોતાના મહાન મરતબા અને પોતાની અખ્લાકી શાનો શોકતના પણ મઝહર હોય છે. તે નીડર અને બેખૌફ હોય છે અને તે જવાબદારીને નીભાવવામાં ગફલત નથી વરતતા. ઇન્સાનીયત અને રૂહાનીય્યતનો અલમદાર હોય છે. જે કામ સોંપવામાં આવે છે તે બજાવવામાં પીછે હટ નથી કરતા. પોતાના વાયદામાં પાકો હોય છે. બહાદુર અને શુજાઅ હોય છે. તેને જવાબદારી નીભાવવામાં મૌતથી ડર નથી લાગતો. ઉદાહરણ જોવું હોય તો સુલયમાન જે બસરામાં ઇમામ હુસૈન(અ.સ.)ના સફીર હતા તેમના પાક જીવન વિશે લખાયેલ ઇતિહાસની કિતાબો વાંચો. કુર્આને મજીદે આ પરિભાષામાં મુસ્તઝઅફનો અર્થ કર્યો છે.

## દીને ઇસ્લામ અને મુસ્તઝઅફઃ

ફક્ત દીને ઇસ્લામ જ નહી બલ્કે દુનિયાના એ તમામ મઝહબો જેનો સિલસિલો ઇસ્લામ પર ખતમ થાય છે, એ બધામાં મુસ્તઝઅફીન એટલે તે અલ્લાહના બંદાઓ જેઓને કમઝોર કરી દેવામાં આવ્યા હતા અને કમઝોર કરી દેવામાં આવ્યા છે, તેઓનો સંઘર્ષ, ઇસાર, કુરબાની, હિંમત, જુર્રત, હૌસલો, સબ્ર, અડગતા, ઇલ્મ, હિલ્મ, દુરંદેશી, ઇબ્લાગ અને તબ્લીગ, સહનશક્તિ સાબિત કદમી, ઝુલ્મની સામે પગલા લેવા, ઝમીરનું રોશન હોવું, ગુફ્તાર અને રફતારમાં એહતીયાત (સાવચેતી), નુકશાનકારક તત્વોથી દુરી, ઓછુ બોલવું વગેરેએ તેમને એવા શક્તિમાન અને તાકતવાન બનાવી દીધા કે મોટી મોટી તાકતો પણ દીનના પરચમને નમાવી ન શકી અને ન તેના ઉચ્ચ મકસદોને મિટાવવામાં કામ્યાબ થઇ શકી.

આ રીતે હાબીલ અને કાબીલથી લઇને તમામ ઇલાહી મઝહબો કે જેનો સિલસિલો મુરસલે આઝમના દીને ઇસ્લામ પર ખત્મ થાય છે, તેના ઇતિહાસમાં બનાવોનો એક લાંબો સિલસિલો છે. જ્યાં એક બાજુ મુસ્તઝઅફીન ઉંહકારા સાથે પડખા ફેરવી રહ્યા છે. પરંતુ અંતે તેમના વિજયનું એલાન થતુ રહ્યુ છે અને તેમના પરચમનો ફરેરો બલંદીઓ પર લેહરાતો રહ્યો છે અને બીજી તરફ તેમના મુકાબલામાં મુતકબ્બેરીન અને હિંસાખોર ઘમંડનો નશો ઉતરવા બાદ તુટીને ધુળમાં મળી ગયા.

## સાચો વાયદોઃ

ખુદાવંદે મુતઆલે પોતાના હબીબ મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) જે નબીઓમાં અંતિમ છે, તેમને તમામ દુનિયાઓ માટે રહેમત બનાવ્યા અને આપ પર જે કિતાબ નાઝિલ કરી જેને કુર્આન, ફુરકાન અને આસ્માની કિતાબ પણ કહેવામાં આવે છે તેમાં એકદમ સ્પષ્ટ રીતે આ વાયદાને દોહરાવ્યો છે, જે ઝુબુરની પહેલા ઇંજીલમાં અને તમામ આસમાની કિતાબોમાં ઇર્શાદ ફરમાવવામાં આવ્યો છે, તે વાયદો આ છેઃ

***"વ નોરીદો અન્ નમુન્ન અલલ્લઝીનસ્તઝ્અફુ ફિલ્ અર્ઝે વ નજ્અલહુમ્ અઇમ્મતંવ્ વ નજઅલહોમુલ્ વારેસીન"***

***"અને અમે ઇરાદો કર્યો છે કે અમે એ લોકો પર એહસાન કરીશું જેઓને આ ઝમીન પર કમઝોર બનાવી દેવામાં આવ્યા છે અને અમો તેઓને ઇમામો અને વારિસો બનાવીશું"***

(સુરે કસસ, આઃ૫)

અન્ય એક જગ્યાએ કુર્આને કરીમ અલ્લાહ તઆલાની નવાઝીશોનું એલાન આ રીતે કરે છેઃ

***"વ અવ્રસ્નલ્ કવ્મ અલ્લઝીન કાનુ યુસ્તઝ્અફુન મશારેકલ્ અર્ઝે વ મગારેબેહા"***

***"અમે પૂર્વ તેમજ પશ્ચિમ સુધીની પુરી ઝમીનના વારિસ જેઓને કમઝોર બનાવી દીધા છે તેમને બનાવીશું"***

(સુરે અઅરાફ, આઃ૧૩૮)

અલ્લાહ તઆલાનો ઇર્શાદ છેઃ

***"ઇન્નલ્લાહ લા યુખ્લેફુલ મીઆદ"***

***"બેશક! ખુદા પોતાના વાયદાની વિરૂધ્ધ નથી જતો"***

અને ખુદા એ છે જેની સંપૂર્ણ કુદરતોનો ઉલ્લેખ દુઆએ

કુમૈલમાં આ રીતે છે.

***"અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોકો બે ઈઝ્ઝતેક અલ્લતી વસેઅત્ કુલ્લ શય"***

***"અય અલ્લાહ! બેશક, હું તારી પાસે સવાલ કરૂ છું તે કુદરતના વાસ્તાથી જેણે તમામ ચીજને ઘેરી લીધેલ છે"***

આ સાચા વાયદા પછી તલાશ કરવાવાળો ઈન્સાન જે ખુદા પરસ્ત છે અને ખુદા પર ઈમાન અને યકીન રાખે છે તેની સામે ત્રણ દરવાજા ખુલી જાય છે.

પ્રથમ દરવાજોઃ ખુદાની સંપૂર્ણ કુદરત. ખુદાએ છે જે કાદિરે મુત્લક છે. બીજો દરવાજોઃ ખાકી ઝમીનની હયાત અને બિસાત. ત્રીજો દરવાજોઃ તે ઈન્સાન જે ઈમાન પર નભે છે, યકીન રાખે છે, મોઅમિન છે, પણ મુસ્તઝઅફ છે એટલે કે કમઝોર કરી દેવામાં આવ્યા છે.

**પ્રથમ બાબઃ તે ખુદા એ છે જે કાદિરે મુત્લક છેઃ**

દરેક ચીજ પર તેની કુદરત ગાલિબ છે અને તે તમામ ખુશખબરો તેને આપી રહ્યો છે. જેને આ દુનિયામાં કમઝોર કરી દેવામાં આવ્યા છે એટલે કે અભિમાનીઓનો ઝુલ્મ અને સિતમનો દરિયો નાફરમાનીથી ઉભરી રહ્યો છે. જેમ કે ઝિયારતે આશુરામાં પણ મળે છે "અલ્લાહની લાનત થાય અબુ સુફયાન, મોઆવીયા અને યઝીદ ઇબ્ને મોઆવીયા પર હંમેશા હંમેશા એ દિવસ જે આલે મરવાનની ખુશીનો અને આનંદનો દિવસ હતો, કારણ કે તે દિવસ ઇમામ હુસૈન(અ.સ.)ના કત્લનો દિવસ હતો." અહી ક્યારેક દીમાગ વિચલીત થાય છે. જાણે કે પાણી વગરના કુવા પાસે તરસ બુજાવવા માટે જાય છે અને સવાલ કરે છે જ્યારે ખુદા આટલી બધી કુદરત ધરાવનાર છે તો પછી તેના નેક બંદાઓ માટે આવી તકલીફ અને ગીરફતારી શા માટે? દિવસે દિવસે અભિમાનીઓનો ફસાદ શા માટે વધતો જાય છે? ઈમાનવાળા માટે પગલે પગલે એક મુસીબત ઉભી છે, એક ફિત્નો સામે છે, એક આઝમાઇશ છે. આખર આવું શા માટે? (આ શા માટેનો જવાબ નીચે છે જે આગળ આવશે)

**બીજો બાબઃ**

ખાકી શરીરમાં ઈન્સાન આ દુનિયામાં આવ્યો છે. આ દુનિયા માટે કહેવામાં આવ્યું છે કે ફના થઇ જવા વાળી છે, પરંતુ લાખો વરસ પસાર થઇ ગયા, છતાં આ દુનિયા જેવી છે તેવી જ છે અને અલ્લાહ તઆલાના નેક બંદાઓ માટે દરેક તરફ મુસીબતોના અસ્બાબ છે. જેમ જેમ આ દુનિયાની ઉમ્ર વધતી જાય છે તેમ તેમ અભિમાનીઓ પર જાહેરી રીતે જવાની આવી રહી છે. પરંતુ નિર્બળ માટે જાણે મુર્દા થતી જાય છે. આખરે આવું શા માટે?

**ત્રીજો બાબઃ**

જેઓ અલ્લાહ તઆલાના નેક બંદાઓ છે તેઓ દિવસે દિવસે નવા બનાવો, આફતો અને બલાઓમાં મુબ્તેલા રહે છે. એક લાંબા સમય પછી પણ ઉકેલની કોઇ સુરત નજરે નથી આવતી. આખરે શા માટે?

(આખરે શા માટે?)ના જવાબોઃ

પ્રથમ બાબના સવાલનો જવાબ છેઃ

સુરે મુલ્કની પ્રથમ આયત જેનો તરજુમો છેઃ

***"બરકતવાળી ઝાત એ ખુદાની છે જેની સલ્તનત મુલ્ક છે અને તે દરેક ચીજ ઉપર કુદરત ધરાવનાર છે અને તેણે મૌત અને જીંદગીને પૈદા કરી જેથી તે પોતાના બંદાઓને અજમાવે કે તમારામાંથી અમલની દ્રષ્ટિએ કોણ સૌથી સારો છે અને તે કુદરત ધરાવનાર અને માફ કરવાવાળો છે"***

બીજા 'શા માટે' નો જવાબઃ કુર્આને કરીમમાં આ પ્રમાણે છેઃ

***"એઅ્લમુ અન્નલ્લાહ યુહ્યીલ અર્ઝ બઅ્દ મવ્તેહા"***

***"જાણી લો કે બેશક અલ્લાહ જમીનને તેના મૃત્યુ બાદ જીવંત કરશે"***

એટલે કે જ્યારે દુનિયા ઝુલ્મો જૌરથી ભરાઇ જશે તો ખુદા પોતાના જાનશીન અને ખલીફાની હુકુમત સ્થાપિત કરીને તેને એજ રીતે અદ્લો ઈન્સાફથી પ્રકાશિત અને ખીલવી નાખશે.

ત્રીજા 'આખરે શા માટે' નો જવાબઃ

કેહવત મશહુર છે કે ખુદાને ત્યાં દેર છે પણ અંધેર નથી. તેનો વાયદો છે કે દીને ઇસ્લામ દીને હક છે. આખી દુનિયાના મઝહબ ઉપર ગાલિબ થઇને રહેશે અને આ પણ કુર્આનનો ઇર્શાદ છે અને હિદાયતનું એલાન છે કે બકીય્યતુલ્લાહિલ્ અઅ્ઝમ એટલે કે જેને તેણે આ જમીનના વારિસ અને ઇમામ બનાવ્યા છે તે ખૈર અને આસ્માની બરકતનું કેન્દ્રીય વજુદ છે. તેમના માટે ખુબ જ વ્યવસ્થા સાથે કુદરતે કામ લીધુ છે. જેની સમિક્ષા અગાઉની કૌમોની ભવિષ્યવાણીથી લઇને ગદીર સુધી અને ગદીરથી લઇને વિલાદતે બાસઆદત સુધી અને વિલાદતથી લઇને ઝુહુરના સમય સુધી ખુદાવંદે મોતઆલે તે ઝાતે ગીરામી કદ્રને બાકી રાખીને જાણે પોતાના ઉચ્ચ અને મહાન હેતુની નીચે પોતાના મહેબુબ અને ચુંટાએલા એટલે કે મુસ્તઝ્અફ બંદાઓને માટે એક નિશાન કાએમ કરી દીધુ છે કે જેથી માયુસીની ધુળ દામન પર બેસવા ન પામે અને તે ઇમાનના રસ્તા પર સાબિત કદમ રહે.

(૧) જેમ કે ખુદાવંદે મોતઆલે ઇર્શાદ ફરમાવ્યું છે કેઃ

***''વલકદ્ કતબ્ના ફિઝ્ઝબુરે મીમ બઅદીઝ્ઝિક્રે અન્નલ્ અર્ઝ યરેસોહા એબાદેયસ્સાલેહુન''***

***''અમે ઝબુરની પહેલા (તૌરેત)માં પણ લખી દીધુ છે કે અમે અમારા નેક બંદાઓને આ જમીનના વારિસ બનાવીશું''***

(સુરે અંબિયા, આયતઃ૧૦૫)

આવી બીજી પણ આયતો છે જેની યાદી લાંબી છે અને આ લખાણની પહોંચ ઓછી છે.

હિંદુ મઝહબની કિતાબ વેદ જે સૌથી જુના જમાનાની છે તેમાં અને જૈન મઝહબની કિતાબ જે તેઓની સૌથી પવિત્ર કિતાબ માનવામાં આવે છે તેમાં જરથુષ્ટની કિતાબ 'જામાસબ', ઇંજીલ, ઝબુરમાં જ નહી બલ્કે એક સિલસિલો છે ભવિષ્યવાણીનો જેની ઇન્તેહા છે, ગદીર. જેમાં અઝીમુશ્શાન જન-સમૂહ જેની સંખ્યા ૧,૨૦,૦૦૦ માણસો છે.

ગદીરનું ધગધગતું રણ હતું, મુરસલે અઅ્ઝમ પોતાની આખરી હજના અરકાનને બજાવીને પાછા ફરી રહ્યા હતા. આપ(સ.અ.વ.)ની પાછળ હાજીઓના કાફલા હતા. જેઓ જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી પોતાના ઘર તરફ પાછા ફરી રહ્યા હતા. સુર્ય તેના મધ્યાહન પર પહોંચ્યો હતો, એ તપતા રણમાં મુરસલે અઅ્ઝમે તમામ હાજીઓને રોકાણ કરવાનો હુકમ કર્યો. આવા મોટા માનવ સમૂહમાં મુરસલે અઅ્ઝમે મૌલાએ કાએનાત અલી ઇબ્ને અબી તાલિબ(અ.સ.)ના માથા પર વિલાયત, પોતાન જાનશીની અને ખીલાફતનો તાજ રાખ્યો અને કહ્યું કે 'મન્ કુન્તો મૌલાહો ફ હાઝા અલીય્યુન મૌલાહો' અને ત્યાર બાદ એક ફસીહ અને બલીગ ખુત્બાની શરૂઆતમાં પોતાની રહેલતના પછી પોતાના બાર જાનશીનોનું એલાન કર્યુ. જેમાં પ્રથમ અમીરૂલ્ મોઅ્મેનીન અલી(અ.સ.) છે. અને ખુબ જ વિસ્તાર પુર્વક પોતાના બારમાં જાનશીનનું એલાન કર્યુ, નામ બતાવ્યુ, કુન્નીયત બતાવી. (તેમનું નામ મારૂ નામ છે અને તેમની કુન્નીયત મારી કુન્નીયત છે.)

બેહારૂલ્ અન્વાર અને મુન્તખબુલ્ અસરમાં પોતાના આખરી જાનશીનનો જે ઉલ્લેખ કરેલ છે તે આ રીતે છે. વાંચકો માટે અમે રજુ કરીએ છીએ. મુરસલે અઅ્ઝમે ફરમાવ્યુંઃ

(૧) 'અય લોકો! આગાહ થઇ જાઓ, હું અઝાબે ખુદાથી ડરાવનારો છું અને અલી(અ.સ.) હાદી અને રેહનુમા છે.'

(૨) 'ખબરદાર થઇ જાઓ, અય લોકો! હું પયગમ્બર છું અને અલી મારા વસી છે.'

(૩) 'આગાહ થઇ જાઓ ખાતેમુલ્ અઇમ્મા એટલે કે મહદી કાએમ(અ.સ.) અમારામાંથી છે.'

(૪) 'જાણી લો કે તે ઇમામ મઝહબો પર ગાલિબ આવશે'

(૫) 'ખબરદાર થઇ જાઓ, તેઓ તમામ ઝાલિમોથી બદલો લેશે.'

(૬) 'ખબરદાર થઇ જાઓ, તે વિજેતા અને કિલ્લાને તોડનાર અને સરહદોને મીટાવવાવાળા હશે.'

(૭) 'આગાહ થઇ જાઓ કે તેઓ મુશ્રીકોના તમામ કબીલાને કત્લ કરવાવાળા હશે.'

(૮) 'આગાહ થઇ જાઓ કે તે અલ્લાહ અઝ્ઝ વ જલ્લના તમામ અવલીયાનો ઇન્તેકામ લેશે'

(૯) 'આગાહ થઇ જાઓ કે તેઓ દીને ખુદાના નાસીર અને મદદગાર હશે.'

(૧૦) 'આગાહ થઇ જાઓ કે તેઓ ઉંડા સમુદ્રમાંથી નીકળેલી લહેરો લેતા અને સ્વચ્છ પાણીથી ભરપુર નદી જેવા હશે.'

(૧૧) 'આગાહ થઇ જાઓ કે તેઓ બતાવનારા હશે આલિમોને તેના ઇલ્મ થકી અને જાહીલોને તેની જેહાલતની સાથે સારી રીતે ઓળખવાવાળા હશે'

(૧૨) 'આગાહ થઇ જાઓ કે તેઓ ઉચ્ચ-ચુંટાયેલા અને ખુદાના પસંદ કરાએલા હશે.'

(૧૩) 'ખબરદાર થઇ જાઓ કે તેઓ તમામ ઇલ્મોના વારિસ અને તે ઇલ્મો પર હાવી હશે.'

(૧૪) 'યાદ રહે કે તેઓ પરવરદિગાર તરફથી ખબર દેવાવાળા અને હોશીયાર કરવાવાળા છે તેના હુકમો અને ઇમાન વિશે.'

(૧૫) 'યાદ રહે કે તેઓ ડહાપણ અને હિદાયતવાળા શખ્સ છે. તાકતવાન, મજબુત અને પાયેદાર ઝાત છે.'

(૧૬) 'યાદ રહે કે તેઓ રેહનુમા, બાકી રહેલી હુજ્જતે ખુદા (બકીય્યતુલ્લાહ) છે અને તેના પછી કોઇ હુજ્જત નથી. હક ફક્ત તેમની અને તેમના નૂરની સાથે છે.'

(૧૭) 'યાદ રાખજો તેમના પર કોઇ ગાલિબ નથી થઇ શક્તું અને તેમને કોઇ હરાવી શક્તું નથી.'

(૧૮) 'યાદ રહે કે તેઓ લોકોની વચ્ચે અલ્લાહ તઆલાના વલી અને મદદગાર છે. તેઓ ખુદાની તમામ જાહેરી અને બાતેની બાબતોના અમાનતદાર છે.'

(બેહારૂલ અન્વાર, ભાગ:૩૪, પાના:૨૧૩, મોઅજમે અહાદીસે ઇમામિલ્ મહદી, ભાગ:૫, પાના:૧૩૫, મુન્તખબુલ અસર, પાના:૧૭૪)

અહી ઓલમા લખે છે કે રસુલે ખુદા(સ.અ.વ.)એ ગદીરે ખુમમાં વિલાયતે અલી(અ.સ.)ને નસ્બ કરવા ઉપરાંત મહદી (અરવાહોના ફીદા) સિવાય અન્ય ૧૦ જાનશીનના વિશે એટલુ બધુ વિગતવાર અને સ્પષ્ટતા પૂર્વક તેમજ ફસાહત સાથે બયાન નથી કર્યુ. તેનું કારણ કદાચ એ હોય કે અગર પ્રથમ નુક્તો અને અંતિમ નુક્તાની સહીહ માઅરેફત હાસિલ થઇ ગઇ તો દરમીયાની રાબેતા અને વસીલા આપમેળે આવી જાય છે. ઇમામત હિદાયતનો એક સિલસિલો જે અમીરૂલ મોઅમેનીન અલી(અ.સ.)થી શરૂ થાય છે અને હઝરતે મહદી(અ.સ.) પર પૂર્ણ થાય છે. આ ઇસ્ના અશરી સિલસિલો છે, તેમાં એહલેબૈત(અ.મુ.સ.) સિવાય બીજુ કોઇ નથી.

આનુ બીજુ કારણ એ છે કે લોકો સારી રીતે જાણી લે- ઓળખી લે અને આપના પરિચયથી અજાણ ન રહે અને મુરસલે અઅ્ઝમની આ ખબરને પોતાના દિલના છુપાએલા ખાનામાં ન ફક્ત બાકી રાખે બલ્કે આવનારી પેઢીઓને આ નૂરની અમાનતના વારસદાર બનાવીને અને પોતાના અહદથી પસાર થઇ જાય જેથી આવવાવાળી કયામત સુધી આવનારી ઉમ્મતે મુસ્લેમા આફતો અને બનાવોથી સુરક્ષિત રહે. નહીતર ખુદાવંદે મોતઆલે આપના પવિત્ર અસ્તિત્વના માટે આટલો બધો બંદોબસ્ત ન કર્યો હોત કે જુના જમાનાથી આજ સુધી એક સતત ખબરોનો સિલસિલો અંબિયા, અવસીયા અને ખુદાના અવલીયાના થકી કાયમ ન રહેત, જ્યાં સુધી આ ખબરોના સિલસિલાના સમયનો સંબંધ છે, તેણે ચાર મંઝિલો લીધી છે.

**પ્રથમ મંઝિલ:**

એ જુની કિતાબોમાં આપનો ઉલ્લેખ જેમ કે વેદ, જરથુષ્ટને ત્યાં જામાસબ, ઇંજીલ અને ઝબુર.

**બીજી મંઝિલ:**

ગદીરે ખુમની જ્યાં મુરસલે અઅ્ઝમને ખત્મે નુબુવ્વતની મહોર લગાવી અને પોતાના બાર જાનશીનોનું એલાન કર્યુ અને ઇમામ અલી(અ.સ.)ની વિલાયતનું અને બકીય્યતુલ્લાહીલ અઅ્ઝમનું વિગતવાર બયાન કર્યુ.

**ત્રીજી મંઝિલ:**

જ્યારે આપની વિલાદત બાસઆદત થઇ અને ઝુલ્મો સિતમના મહેલમાં એક હલચલ થઇ ગઇ (કેવી હલચલ થઇ તે ઇન્શાઅલ્લાહ હવે પછી કોઇ લેખમાં વર્ણવીશુ) ૬૯ વર્ષની ગયબતે સુગરામાં નવ્વાબે ખાસ જેમના નામો (૧) ઉસ્માન

બિન સઈદ અમરી (૨) મોહમ્મદ બિન ઉસ્માન અમરી (૩) અબુલ કાસીમ હુસૈન બિન રૂહ નવબખ્તી (૪) અલી બીન મોહમ્મદ સમરી. તેમના વડે આપે ડહાપણ, હિદાયત અને ફરમાનો તથા અહકામનો સિલસિલો પોતાની તવકીઅ (પત્રો) થકી કાયમ રાખ્યો.

**ચોથી મંઝિલઃ**

હી. ૩૨૯ માં આપ ગયબતે કુબરામાં તશરીફ લઇ ગયા અને મરાજેઅ કિરામ થકી લોકો સાથે પોતાનો રાબેતો કાયમ રાખ્યો. હવે એ સમય જેને ઝુહુરે પુરનૂરનો સમય કહેવામાં આવે છે પોતાના આસાર અને બરકતોની ખુશખબર એટલી દુર રહી ગઇ છે કે કોઇના આવવાની આહટ સંભળાય રહી હોય.

મુરસલે અઅ્ઝમની આગાહીઓ જાણે સદાએ દિલનવાઝનો નવો લિબાસ પહેરી રહી છે - ઇન્સાનોના ખુનના દરીયા જરૂર ભરપુર છે. ન તો શહીદોના યતીમ બચ્ચાઓ આપના ઝુહુરથી માયુસ છે અને ન તો તેમની વિધવાઓ પોતાના મૌલાના કે જે મુન્તકીમ છે તેમના ઝુહુરથી પળભર માટે ગાફીલ છે.

આજે આખી દુનિયામાં જનાબે ઝહરા(સ.અ.)ના જીગરના ટુકડા ઇમામ હુસૈન(અ.સ.)નું માતમ થઇ રહ્યું છે, જે એલાન કરી રહ્યું છે કે જેટલુ દબાવવામાં આવશે તેટલું જ વધતું રહેશે એટલે કે મુન્તકીમે ખુને હુસૈન ઇમામ મહદી(અ.સ.)ના ઝુહુરની આશાનો ચિરાગ દિવસથી પણ વધારે રોશન થતો જાય છે, જાણે કે ઉમ્મીદ અને ઇન્તેઝારની દુનિયા ઝગમગી રહી છે. જ્યારે યહુદીઓ સાથે લેબનોનની જંગ થઇ તો એક મોઅમેના ઔરત પોતાના દુધ પીતા બાળકની લાશ લઇ જઇ રહી હતી. લોકોએ પુછ્યું હાથોમાં દુધ પીતા બાળકની લાશ અને હોઠો પર સ્મિત!? જવાબમાં શેર દિલ ખાતુને કહ્યું શું આ બાળક અલી અસ્ગરથી વધારે કદ્રો કિમત રાખે છે?

માના સ્મિતે આ પરિસ્થિતમાં જાણે ઉમ્મીદોના બેશુમાર ચિરાગો પુરી દુનિયામાં રોશન કરી દીધા અને ઝાલીમ કૌમને આગાહ કરી દીધી કે અમારા ઇમામે બરહકની નજરોથી બચીને ક્યાં જશો? તેઓ આવશે અને જલદી આવશે. તેના આવવાની આહટો સ્પષ્ટ સંભળાઇ રહી છે.

અલ્લાહ અઝ્ઝ વ જલ્લ આપણને સૌને એ જલીલુલ કદ્ર હસ્તી જે પરદએ ગૈબતમાં છે જ્યારે ઝુહુર કરે તો તેમના અન્સારો અને મદદગારોમાં શામિલ કરે અને તે નેક, સાલેહ તથા ઇમાન પર સાબિત કદમ રહેનારા ખુદાના બંદાઓ જેમને જમીન પર કમઝોર કરી દેવામાં આવ્યા છે એટલે કે મુસ્તઝ્અફ છે તે ઇલાહી વાયદા મુજબ આ દુનિયાના વારિસ બને.

આમીન સુમ્મ આમીન.

---ooo---

અનુસંધાન પાના નં. ૧૮ થી શરૂ ...

***કર્યો કે મોહમ્મદ(સ.અ.વ.) કોણ છે? આદમ(અ.સ.)એ જવાબ આપ્યોઃ જ્યારે તુએ મને પૈદા કર્યો હતો, ત્યારે મેં મારૂ માથુ અર્શની તરફ ઉંચુ કર્યુ અને જોયું કે તેના પર લખ્યુ હતું 'ખુદા સિવાય કોઇ માઅબુદ નથી અને મોહમ્મદ(સ.અ.વ.) અલ્લાહના રસુલ છે.' મેં મારી જાતને કહ્યું કે મોહમ્મદ ખુદાની બુઝુર્ગતરીન મખ્લુક છે કે ખુદાએ પોતાના નામની સાથે આપ(અ.સ.)ના નામને લખ્યું છે. તે સમયે આદમ(અ.સ.) ઉપર વહ્ય થઇ કે આપ(સ.અ.વ.) તમારા વંશમાંથી આખરી નબી હશે અને આપ(સ.અ.વ.) ન હોતે તો હું તમને પૈદા જ ન કરતે''***

(તબરાની-અલ્ મોઅ્જમુસ્સગીરમાં, હાકિમ નિશાપૂરી-મુસ્તદરકુસ્ સહીહૈન, ભાગઃ૨, પાનાઃ૬૧૫ / અબુ નઇમ ઇસ્ફહાની અને બયહકીએ - દલાએલુન્ નુબુવ્વતમાં / ઇબ્ને અસાકીર શામીએ પોતાની તારીખમાં, સુયુતીએ દુર્રે મન્સુરમાં ભાગઃ૧, પાનાઃ૫૯માં / આલુસીએ રૂહુલ્ મઆનીમાં ભાગઃ૧, પાનાઃ૨૧૭માં આ હદીસને નકલ કરી છે.)

## ચોથો મુદ્દો

**તવસ્સુલ શીઆ હદીસોમાંઃ**

શીઆની હદીસોની કિતાબોમાં તવસ્સુલના વિશે ઘણુ બધુ વર્ણન કરવામાં આવ્યું છે. અહીં તમામ સંદર્ભો લખવાનું શક્ય નથી, પરંતુ નમુના તરીકે એક હવાલો રજૂ કરીએ છીએ. બેહારૂલ અન્વાર ભાગઃ૨૩ પાનાઃ૯૯ પ્રકરણ 'અન્નહુમ

અનુસંધાન પાના નં. ૩૧ ઉપર ...

# ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની જુમ્માના દિવસની ઝિયારતની સમજણ

(અલ મુન્તઝર શાબાન સ્પેશ્યલ અંક ૧૪૩૦ અગાઉથી શરૂ)

➔ *''અસ્સલામો અલય્ક યા મવ્લાય અના મવ્લાક આરેફુન બે ઉલાક વ ઉખરાક''*

*''સલામ થાય આપ પર અય મારા મૌલા! હું આપનો ગુલામ છુ, આપની શરૂઆત અને અંત બંનેની મારેફત રાખુ છુ''*

ઝિયારતના આ વાક્યમાં ૪ શબ્દો પર ચર્ચા કરી શકાય છે. મૌલા, આરિફ, ઉલા અને ઉખ્રા. પરંતુ મૌલા શબ્દ ઉપર ઘણી ચર્ચા અગાઉના અલ મુન્તઝર અંકોમાં ખાસ કરીને ગદીરના સ્પેશ્યલ અંકમાં થઇ ચુકી છે. એટલે અમે અહીં એકદમ ટુંકમાં કહીશુ કે મૌલા શબ્દ અરબીના એ શબ્દોમાંથી છે જેના વિરોધાર્થ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો મૌલાનો એક અર્થ આકા છે અને અને એક અર્થ ગુલામ પણ છે. આ જુમ્લામાં બંને અર્થનો ઉપયોગ છે. પહેલી વખતે મવ્લાયનો અર્થ છે મારા આકા અને બીજી વખતે મવ્લાકનો અર્થ છે હું તમારો ગુલામ છું. ખૈર, બીજો શબ્દ આરિફ એ માઅરેફત અને ઇરફાનનું ઇસ્મે ફાઇલ છે અને આ શબ્દ એટલે કે માઅરેફત વિશે પણ ઘણી ચર્ચા અગાઉ થઇ ચુકી છે. આથી અહીં તે ચર્ચા કરીશુ નહી. અલબત્ત ટુંકાણને ધ્યાનમાં રાખીને બાકી રહ્યા બે શબ્દ ઉલા અને ઉખરા. આ બંને શબ્દો ફુઅલાના વજન પર આવેલા છે. અને અરબી વ્યાકરણમાં ઇસ્મે તફઝીલના સ્ત્રી જાતિના સીગા છે. ઉલાનો મતલબ છે શરૂઆત, પ્રથમ, અગાઉનુ, અવ્વલની સ્ત્રી જાતિનો શબ્દ ઉલા છે. કુર્આને મજીદમાં આખેરતની સામે આ શબ્દનો ઉપયોગ થયો છે. ત્યાં તેનો અર્થ દુનિયા છે. કારણકે તે આખેરતની પહેલા છે. દા.ત. **''વલ આખેરતો ખય્રૂલ્લક મેનલ્ ઉલા'' ''અને આખેરત તમારા માટે ઉલાથી બહેતર છે.''** આ રીતે ઉખરાનો મતલબ છે બીજી, પછીની અને છેલ્લી. આખિરનું સ્ત્રીવાચક છે ઉખરા. કુરઆને કરીમમાં આ શબ્દનો ઉપયોગ ૨૦થી વધુ વખત થયો છે.

શક્ય છે કે અહીં ઉલાનો મતલબ ઝુહુરથી પહેલાનો સમય હોય અને ઉખરાથી ઉદ્દેશ ઝુહુર પછીનો એટલે કે ઇમામે ઝમાના(અ.સ.)ની વૈશ્વીક હુકુમતનો સમય. આ બાબતે ઉસુલે કાફીની આ હદીસથી સમર્થન લઇ શકાય છે. **''વમા લહુ ફિલ્ આખેરતે મિન્ નસીબ'' ''અને તેની માટે આખેરતનો કોઇ હિસ્સો નથી''** (સુ. શુરા, આયતઃ૨૦) આ આયતની તફસીરમાં હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યુંઃ

*''લય્સ લહુ ફી દવ્લતિલ્ હક્કે મઅલ્ કાએમે નસીબુન''*

*''કાએમે આલે મોહમ્મદ(અ.સ.)ની બરહક હુકુમતમાં તેને કોઇ ભાગ નસીબ નહી થાય''*

(કાફી, ભાગઃ૧, પાનાઃ૪૩૫)

આ રીતે આને રજઅત અને કયામત પણ ગણી શકાય છે. આટલી ચર્ચાનો ખુલાસો એ છે કે અહીં ઝિયારત પઢનાર પોતાના આકા અને મૌલા હઝરત બકીય્યતુલ્લાહિલ્ અઅ્ઝમને મુખાતિબ થઇને પોતાની ગુલામી અને નોકરીને કબુલ કરે છે અને સાથો સાથ એ પણ દાવો કરે છે કે મૌલા હું આપની માઅરેફત એવી જ રીતે રાખુ છું જેવી રીતે માઅરેફત રાખવાનો હક છે. આપની તમામ રીતો અને પાસાઓથી વાકિફ છું. (અલ્લાહ બહેતર જાણે છે)

➔ *''અતકર્રબો એલલ્લાહે તઆલા બેક વ બે આલે બય્તેક''*

*''હું અલ્લાહ તઆલાથી નજદીકી હાસિલ કરૂ છું, આપના થકી અને આપના ઘરવાળાઓ થકી''*

અહીં અલ્લાહ તઆલાથી નજદીકીનો ઝરીઓ અહલેબૈત(અ.મુ.સ.)ને ગણાવ્યા છે એટલે કે અગર કોઇ ઇન્સાન ખુદાવંદથી નજદીક થવા ચાહે છે તો તેના માટે જરૂરી છે કે તે પવિત્ર હસ્તીઓને વસીલો અને ઝરીઓ બનાવે જેઓને ખુદાવંદે આલમે પોતાના સુધી પહોંચવાનો વસીલો બનાવ્યો છે. કારણ કે આજે મુસલમાનોની વચ્ચે અમુક એવા લોકો પૈદા

થઇ ગયા છે જેઓ વસીલો, શફાઅત, તવસ્સુલ, કબ્રોની ઝિયારત વિગેરેનો ઇન્કાર કરે છે અને તેઓની તબ્લીગ એટલી વધી ગઇ છે કે અમુક આપણા ભાઇઓ પણ તેમના વિચારો અને ખયાલોથી અસરગ્રસ્ત થઇ રહ્યા છે. આથી અમે પોતાની જવાબદારી સમજીએ છીએ કે આ વિષય ઉપર થોડો પ્રકાશ ફેંકીએ છીએ જેથી મોઅમેનીન લોકોના દિલો મજબુત બને અને મુનાફિક લોકો માટે જીવલેણ ઘા બને. ઇન્શાઅલ્લાહ.

સૌપ્રથમ શબ્દ 'અતકર્રબો' વિશે ટુંકમાં ચર્ચા કરીએ અતકર્રબો શબ્દનો મુળ શબ્દ 'કરોબ' છે અને બાબે તફઅ્ઉલનો ૧૩ મો સીગો છે. આમ તો બાબે તફઅ્ઉલના ઘણા બધા અર્થ થાય છે. પરંતુ પહેલો અર્થ મુતાવેઆહ એટલે કે ક્રિયાપદની અસરને કબુલ કરવી. શબ્દ અતકર્રબો-મેં વસીલા વડે ખુદાની નઝદીકીનો માર્ગ અપનાવ્યો મુતકર્રીબ એ શખ્સને કહેવામાં આવે છે જે નઝદીકીની શોધમાં હોય. આ ઝિયારતમાં ખુદાની નજદીકી હાસિલ કરવાની વાત છે પરંતુ આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના વસીલાથી. હવે આવો આપણે વસીલા વિશે અમુક બાબતો જોઇએ અલબત્ત ટુંકાણને ધ્યાનમાં રાખીને. (નહિતર આ વિષય પર એક સ્વતંત્ર કિતાબ લખી શકાય છે.)

## પ્રથમ મુદ્દોઃ

### વસીલો-ઇલાહી સુન્નતઃ

દરેક મુસલમાન કોઇ પણ જાતની શંકા વગર આ અકીદો રાખે છે કે ઝાતે બારી તઆલા કાદિર, બેનિયાઝ અને સુલ્તાન છે. બીજા શબ્દોમાં કહીએ તો ખુદાવંદે મુતઆલ એવો બાદશાહ છે જે દરેક ચીજ પર કુદરત રાખે છે અને પોતાના કાર્યોમાં કોઇનો મોહતાજ નથી, કોઇ તેનો ભાગીદાર નથી અને તમામ અસ્તિત્વ ધરાવતી ચીજો તેની મખ્લુક અને બનાવેલી છે. આમાં કોઇ અપવાદ નથી કે અગર કોઇ શખ્સ આનાથી અલગ પોતાનો અકીદો રાખે તો તે ઇસ્લામના વર્તુળમાંથી બહાર છે.

આ સંપૂર્ણ સિફાતો હોવા છતાં ખુદાવંદે આલમે પોતાના તમામ કાર્યો માટે વસીલા બનાવ્યા છે. આ વસીલા થકી તે કાર્યોને પુરા કરે છે. દુનિયાની કોઇ એવી તાકાત નથી જે કાદીરે મુત્લકને આ તમામ કાર્યો ડાઇરેક્ટ, સીધેસીધા, પ્રત્યક્ષ રીતે કરવાથી રોકી શકે. પરંતુ આલીમ બે કુલ્લે શય (દરેક ચીજના જાણકાર ખુદા)એ એ નિર્ણય કર્યો છે કે તે તમામ કાર્યોને વસીલા થકી અંજામ આપશે. આથી તેણે મુકર્રબ ફરિશ્તાઓ, અંબિયાઓ અને મુરસલીન અને માનનીય અવસીયાઓને આ કાર્યો અંજામ આપવા માટે ચુંટયા. આ એ હકીકત છે કે જેનો કોઇ ઇન્કાર નથી કરી શકતું. શું કોઇ મુસલમાન ઇન્કાર કરી શકે છે કે ખુદાવંદે મોતઆલે અંબીયા અને રસુલોને લોકોની હિદાયત માટે મોકલ્યા? અથવા વહીના નાઝિલ કરવા માટે હઝરત જીબ્રઇલ(અ.સ.)ને વસીલો બનાવ્યા? અથવા રૂહોને કબ્ઝ કરવાની જવાબદારી હઝરત ઇઝરાઇલ(અ.સ.)ને સોંપી? અથવા સૂર ફુંકવા માટેની જવાબદારી હઝરત ઇસ્રાફીલ (અ.સ.)ની છે? શું આ તમામ કાર્યો તે ખુદ પોતે નથી કરી શકતો? ચોક્કસ તે કરી શકે છે. પરંતુ તેણે તવસ્સુલને પોતાની સુન્નત બનાવી છે. કદાચ આ નામના મુસલમાનોને બતાવવા માટે કે તમે એટલા બધા ઘમંડી અને અભિમાની થઇ ગયા કે એવુ વિચારવા લાગ્યા કે મારા સુધી સીધે સીધા પહોંચી જશો જ્યારે કે મેં ખુદ કુર્આનમાં તવસ્સુલનો હુકમ દીધો છે.

***''યા અય્યોહલ્લઝીન આમનૂ ઇત્તકુલ્લાહ વબ્તગુ એલય્હીલ વસીલત વ જાહેદૂ ફી સબીલેહી લઅલ્લકુમ તુફ્લેહૂન''***

***''અય ઇમાન લાવનારાઓ! અલ્લાહથી ડરો અને તેના માટે વસીલાની તલાશ કરો અને તેની રાહમાં સંઘર્ષ કરો, જેથી તમે કામ્યાબ થઇ જાવ''***

(સુરએ માએદા, આયતઃ ૩૫)

## બીજો મુદ્દો

### કુરઆને કરીમની રોશનીમાં તવસ્સુલઃ

કુરઆને કરીમની ઉપરોક્ત આયત ઉપરાંત કિતાબે મોબીનમાં ઘણી બધી આયતો એવી છે જેમાં તવસ્સુલનો મતલબ સ્પષ્ટ રીતે બયાન કરવામાં આવ્યો છે. દા.ત. હઝરત યાકુબ(અ.સ.)ના દિકરાઓ જ્યારે આપની પાસે આવ્યા અને આપથી પોતાના માટે ઇસ્તિગ્ફાર કરવાની દરખાસ્ત કરી, મતલબ કે પોતાના માટે યાકુબ(અ.સ.)ને વસીલો બનાવ્યો

ત્યારે યાકુબ(અ.સ.)એ ઈન્કાર કર્યો નહી. પરંતુ તરતજ કબુલ કરી લીધુ. આવો ખુદ કુરઆને કરીમના શબ્દોમાં જોઇએ.

*''કાલૂ યા અબાના ઈસ્તગ્ફીર લના ઝોનૂબના ઈન્ના કુન્ના ખાતેઈન્ કાલ સવ્ફ અસ્તગ્ફેરો લકુમ રબ્બી ઈન્નહૂ હોવલ ગફુરૂર્ રહીમ્''*

*''હઝરત યુસુફ(અ.સ.)ના ભાઈઓએ કહ્યુઃ અય અમારા વાલિદ! આપ અમારા ગુનાહોને માટે ઈસ્તીગ્ફાર (મગ્ફેરત તલબ કરવી) કરો, બેશક! અમે ખતાકાર છીએ. આપે કહ્યુઃ નજીકમાંજ હું મારા પરવરદિગાર પાસે તમારા માટે મગ્ફેરત તલબ કરીશ, બેશક! તે માફ કરવાવાળો અને રહીમ છે.''*

(સુરએ યુસુફ, આયતઃ ૯૭-૯૮)

તમોએ જોયુ! કે અલ્લાહના નબી(અ.સ.)એ એવુ નથી કહ્યુ કે વસીલો બિદઅત છે, હરામ છે, વાસ્તા વિના ઈસ્તીગ્ફાર કરો. નહીં પરંતુ તેનાથી ઉલ્ટુ આપે તેઓની દરખાસ્તને કબૂલ કરી અને ખુદાવંદે આલમની મગ્ફેરત અને રહેમતની આશા અપાવી. આ ઉપરાંત કુરઆને કરીમમાં ઘણા એવા દાખલાઓ મવજૂદ છે, પરંતુ લેખની મર્યાદાને ધ્યાનમાં રાખીને અમે એક ઉદાહરણને પુરતુ સમજીએ છીએ.

## ત્રીજો મુદ્દો

### એહલે સુન્નત વલ જમાઅતની ભરોસાપાત્ર હદીસોમાં તવસ્સુલઃ

**પ્રથમ હદીસઃ** ઉસ્માન બિન હુનૈફનું બયાન છે કે એક અંધ શખ્સ પયગમ્બરે ઈસ્લામ(સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયો અને અરજ કરી 'આપ ખુદાથી દુઆ કરો કે મને તંદુરસ્તી અતા કરે' આપ(સ.અ.વ.)એ જવાબમાં ફરમાવ્યુ કે ''અગર તુ કહે તો દુઆ કરૂ અને તુ ચાહે તો સબ્ર કર, અને સબ્ર તારા હકમાં બહેતર છે'' તેણે કહ્યુઃ 'આપ દુઆ કરો' પયગમ્બર(સ.અ.વ.)એ તેને વુઝૂ કરવાનો હુકમ આપ્યો કે તુ વુઝૂ કર અને પોતાના વુઝૂ પર પૂરે પૂરૂ ધ્યાન દે અને બે રકાત નમાઝ અદા કર અને આ દુઆ પઢ. ''પરવારદિગાર! હું તારાથી દરખાસ્ત કરૂ છુ કે હું તારી તરફ મુતવજ્જેહ થઉ છું. તારા પયગંબર મોહમ્મદ(સ.અ.વ.) જેઓ રહેમતના પયગંબર છે. અય મોહમ્મદ(સ.અ.વ.) હું આપના તવસ્સુલથી મારા પરવરદિગારની તરફ રૂજૂ કરૂ છુ કે આપ(સ.અ.વ.) મારી હાજત પૂરી કરો. ખુદાયા! તુ હુઝૂર(સ.અ.વ.)ની શફાઅતને મારા હકમાં કબૂલ કર''

આ હદીસ સાચી અને યકીની હોવાના વિશે કોઇ શક નથી ત્યાં સુધી કે વહાબીઓના આગેવાન ઇબ્ને તૈમીયાએ આ હદીસને સહીહ ગણી છે. મશહૂર વહાબી લેખક 'રફાઇ' જે દરેક સમયે કોશિશ કરતો રહે છે કે તવસ્સુલની હદીસોને ઝઇફ અને કમઝોર પૂરવાર કરે તે લખે છે...

*''લા શક્ક અન્ન હાઝલ હદીસ સહીહુન વ મશહૂરૂન વ કદ્ સબત ફીહે બેલા શક્ક''*

*''બેશક! આ હદીસ સાચી છે અને મશહૂર છે અને કોઈ પણ જાતના શક વગર તેની સચ્ચાઇ સાબિત છે.''*

(અત્તવાસુલ એલા હકીકતુત તવસ્સુલ, પાનાઃ ૧૫૮)

આ હદીસને નિસાઇએ પોતાની સોનનમાં, બયહકીએ પોતાની સોનનમાં, તબરાનીએ પોતાની મોઅજમમાં, તિરમીઝીએ પોતાની સોનનમાં અને હાકિમ નિશાપૂરીએ પોતાની મુસ્તદરકુસ્સહીહૈનમાં વર્ણવી છે.

(અત્તવાસુલ)

આ ઉપરાંત ઝૈની દહલાન પોતાની કિતાબ ખુલાસતુલ કલામમાં લખે છે ''આ હદીસને બુખારીએ પોતાની તારીખમાં, ઇબ્ને માજ્જાએ પોતાની સોનનમાં, હાકિમ નિશાપૂરીએ પોતાની મુસ્તદરકુસ્સહીહૈનમાં અને જલાલુદ્દીન સુયુતીએ જામેઅમાં વર્ણવી છે.

ઇબ્ને માજાએ આ હદીસને સહીહ ગણાવી છે. હાકિમ નિશાપૂરી લખે છે આ હદીસ શૈખૈન (બુખારી અને મુસ્લિમ)ની શર્તો પર પાર પડે છે. પરંતુ એ બંનેએ આ હદીસને વર્ણવી નથી.

**બીજી હદીસઃ** પયગંબરે અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યુઃ

*''જ્યારે જનાબે આદમ(અ.સ.)થી તર્કે ઉલા થયુ, આપે માથુ આસ્માન તરફ બુલંદ કર્યુ અને કહ્યુઃ ખુદાયા! હું બેહક્કે મોહમ્મદ(સ.અ.વ.) તારાથી સવાલ કરૂ છુ કે તુ મને માફ કરી દે. ખુદાએ સવાલ*

અનુસંધાન પાના નં. ૧૫ ઉપર ...

# બેહારૂલ અન્વાર પર એક નજર

**પ્રસ્તાવનાઃ**

અઈમ્મએ મઅસુમીન(અ.મુ.સ.) દુન્યવી, દીની અને ઈલાહી ઈલ્મના સ્ત્રોત છે. તેમની સીરત અને હદીસો આપણા માટે નજાતનો ઝરીઓ છે. જેમની પૈરવી અને અનુસરણ આપણી ઉપર વાજીબ છે. અને આપણને તે હાસિલ કરવાની ખૂબજ તાકીદ કરવામાં આવી છે, અને અગર આપણે દુનિયાને હાસિલ કરવા માટે, અઈમ્માની તઅલીમાતને એક પળ માટે ભૂલાવી દેશુ, તો આખેરતની નજાત તો એક તરફ પણ આ દુનિયામાંજ ગુમરાહ લોકોમાં થઇ જઇશુ અને દુનિયામાં નુકસાનનો ભોગ બની જઇશુ.

આપણા માનનીય ઓલમાઓ પહેલેથી લઇને આજ સુધી પોતાની મહેનત, તકલીફ, બીજા માટે પોતાની કુરબાનીની સાથે એટલી મિશ્રણ વિહિન ઇલ્મી ખિદમતો અંજામ આપી છે અને એટલો બધો ઇલ્મી ખઝાનો આપણા માટે તૈયાર કર્યો છે કે જેના માટે કૌમનો દરેક બાળક અને દરેક શખ્સ એહસાનમંદ છે. આ જ સંગ્રહ કૌમના માટે પુંજી અને આપણી બકા માટે ઝમાનત છે. આ જ આખેરતનું ભાથુ આ જ નજાતનો ઝરીઓ છે, આ જ શફાઅતનો હક છે. આ ક્ષેત્રમાં કાર્યરત રહેવુ સવાબના હકદાર બનાવે છે,જ્યારે ઇલ્મના ચિરાગની તે શમા તેજ થવા લાગી જેને અઈમ્મએ મઅસુમીન(અ.મુ.સ.)એ રૌશન કરી હતી, તો દુશ્મનના દિલ સળગી ઉઠ્યા અને આ ધોકાબાજીનું હથીયાર છેતરપીંડી કરનાર લોકોએ વાપર્યુ કે જે પ્રથમ હરોળના આલિમ છે, તેની દીનદારી બુધ્ધિશાળી આલિમોની ઝર્ફીયત પર પોતે ઘડી કાઢેલ નકારાત્મક પાસું કાઢવામાં આવે તેને તેમની કૌમમાં ચર્ચાનો વિષય બનાવી તેની વિરૂધ્ધ અજબ મિશ્રાણ પેદા કરવામાં આવે.

આવુ બધુ અલ્લામા મોહમ્મદ બાકિર મજલિસી (ર.અ.)ની સાથે થયુ કે જેની અક્કલને આશ્ચર્ય પમાડે તેવી ખિદમતો બેહારૂલ અન્વારની ૧૧૦ દળદાર ભાગોમાં અને બીજી ૩૦ કિતાબોમાં આપની શખ્સીયતને કયામતની સવાર સુધી જીવંત રાખશે. ખાસ કરીને બેહારૂલ અન્વાર કિતાબના બારામાં અગર અકીદતમંદો, ઇલ્મના ચાહકો અને સંશોધનકારોની નજરોમાં આ કિતાબની વિશાળતાને હલકી પાડી દે તો આ લોકો સનદો અને બયાનમાં પોતે જ ઉલજાય જશે.

વાંધો ઉઠાવનારાઓની અમુક વાતો :

એક વાત અમુક ઓલમા અને અમુક ઇલ્મની તરફ ધ્યાન આપતા એ લોકો જેઓ જાહેરી રીતે ઓલમાની હરોળમાં નથી આવતા તેઓની વચ્ચે ફરી રહી છે કે બેહારૂલ અન્વાર કિતાબ એક એવી કિતાબ છે જેમાં અલ્લામાએ સાચી અને ખોટી, ભરોસાપાત્ર અને બિન-ભરોસાપાત્ર તમામ હદીસો અને રિવાયતોને ભેગી કરી દીધી છે. તેને ખંખેરવું તથા કાંકરી અને પથ્થર અલગ કરીને સાફ કરવાનું કામ ભવિષ્યમાં થવાવાળા ઓલમા અને તાલીબે ઇલ્મ પર છોડી દીધુ છે.

બીજી વાત જે એહલે ઇલ્મની વચ્ચે ઘુમી રહી છે તે એ છે કિતાબ બેહારૂલ અન્વાર ઇતિહાસ અને ઇલ્મે દીન પ્રકારની બાબતોનો હદીસોનો મજમુઓ છે જેને અલ્લામા મજલીસીના શાગીર્દોએ જમા કરી અને ક્રમવાર ગોઠવી અને જ્યારે એ લખાણ જીલ્દોના સ્વરૂપમાં આવ્યુ તો અલ્લામા મજલીસીએ તેને પોતાનું નામ આપીને છપાવી દીધી અથવા પ્રકાશિત કરી દીધી.

અમારી એસોસિએશનના બિરાદરે અઝીઝ જેઓ સંશોધનના ક્ષેત્રમાં હોશિયાર તાલીબે ઇલ્મ છે તેમનું ધ્યાન આવી ચર્ચાઓ તરફ ગયુ અને તેઓએ અલ્લામાની શખ્સીય્યત, ખિદમતો, આશ્ચર્ય પમાડે તેવા કાર્યો અને આપના ઝમાના સિવાયના અન્ય મહાન ઓલમાઓના મંતવ્યોનો એક ટુંકાણમાં સર્વેક્ષણ કરીને લખાણ લખ્યું છે.

બેહારૂલ્ અન્વાર જેવી અઝીમુશ્શાન કિતાબના સંકલનકર્તા મર્હુમ મોહમ્મદ બાકિર મજલિસી(અ.ર.) શીઆ જગતમાં કોઇ ઓળખાણના મોહતાજ નથી. અલ્લામા

મજલિસીની કિતાબના તરજુમા ઉર્દુ, ફારસી અને અરબીમાં સતત પ્રકાશિત થતા રહે છે.

અલ્લામા મજલિસીના વાલીદને ખુદને પણ અલ્લામાના જ લકબથી યાદ કરવામાં આવે છે એટલા માટે કે તેઓ પણ અલ્લામા હતા. આપનું નામ અલ્લામા મોહમ્મદ તકી ઇબ્ને મક્સુદઅલી હતું એટલુ જ નહી બલ્કે આપને અલ્લામા મજલિસીએ અવ્વલના નામથી યાદ કરવામાં આવે છે.

અલ્લામા મોહમ્મદ બાકિર મજલિસી ઇસ્ફહાનમાં હિજરી ૧૦૩૭માં પૈદા થયા અને ૨૭મી રમઝાનુલ મુબારક હિ.સ. ૧૧૧૦માં વફાત પામ્યા. આપ ઇસ્ફહાનની જામેઅ મસ્જીદમાં દફન થયા. તે સમયથી લઇને આજ સુધી આપની મઝાર પર ઝાએરોની આવ-જા શરૂ રહે છે. (નવા પ્રકાશનમાં આપની વફાત હિ.સ. ૧૧૧૧ લખી છે, જે સાચી નથી.) અલ્લામા મૌસુફનો હવ્ઝએ ઇલ્મીય્યા પૂરા ઇરાનમાં ઉચ્ચ દરજ્જાના ઇલ્મી કેન્દ્રોમાંથી એક કેન્દ્ર હતુ. જેણે પોતાની અલગ ઓળખ બનાવી હતી, જેની અસરો અને બરકતો કયામત સુધી બાકી રહેશે. (ઇન્શાઅલ્લાહ) આપના હવ્ઝએ ઇલ્મીય્યામાંથી મુલ્લા સાલેહ માઝન્દરાની અને મોહક્કીક આમેના ખાતુન જેવી જલીલુલકદ્ર શખ્સીય્યતો પૈદા થઇ. જેના થકી માનવંત મરાજેઅનો સિલસિલો ચાલ્યો. આ એ સમય છે કે જ્યારે રશિયા અને બ્રિટનમાં ઇરાનની ઇલ્મી પ્રગતિ અને એકતાની વિરૂધ્ધ સાજીશોએ જન્મ લેવાનુ શરૂ કરી દીધુ હતુ. અલી મોહમ્મદ બાબના ફિત્નાની શરૂઆત થઇ ચુકી હતી અને પુરનસ દાલગોરકી ઇરાનમાં બાબના થકી દાખલ થવા તૈયાર થઇ ચુક્યો હતો. આ તમામ હાલતોથી ઇલ્મી કેન્દ્ર માહિતગાર હતુ અને એક બચાવનો કિલ્લો હતુ.

## ખિદમતો:

આથી અલ્લામા મજલિસીએ બેહારૂલ અન્વારમાં કુતુબે અરબા એટલે કે મન લા યહઝોરો હુલ ફકીહ, ઉસુલે કાફી, અલ ઇસ્તીબ્સાર અને તેહઝીબ ઉપરાંત અન્ય ભરોસાપાત્ર કિતાબોથી હદીસો ભેગી કરવાનું કામ કર્યુ. આ કુતુબે અરબા એ ચાર સ્થંભો છે કે જેના પર પુરી શીઇય્યતનો આધાર રહેલો છે.

અલ્લામા મવ્સુફે ઇસ્લામી ઇતિહાસના ઇન્કેલાબનું ભાગ્યે જ કોઇ પાસુ છોડ્યું હોય, જેની હકીકતો રોશનીમાં સેહાહે જેમાં પહેલામાં પહેલું તઇ કરી હોય. તેનો સંપૂર્ણ જવાબ ન આપ્યો હોય.

જુની બેહારૂલ અન્વાર ૨૫ ભાગની હતી અને દરેક ભાગ દળદાર છે. જેના લીધે આ ભાગોને વહેંચવામાં આવ્યા તો ૧૧૦ ભાગમાં પ્રકાશિત થઇ આપણા ઓલમા જે સંશોધનની દુનિયામાં મશગુલ છે તેમના માટે આ કિતાબ બેહારૂલ અન્વાર એક શક્તિશાળી ઇલ્મી હથીયાર છે.

આપના ૨૫ દળદાર ભાગોમાં અલ્લામા મવ્સુફે ૧૭ ભાગોમાં બયાન અને સ્પષ્ટતાના શિર્ષકથી રિવાયતોની સમજણ અને સ્પષ્ટતા ખુદ પોતે આપી છે અને બાકી ૮ ભાગોમાં બયાન અને સ્પષ્ટતાનો આપને મોકો મળ્યો નહી જેના માટે તેમણે પોતાના શાગીર્દ મીર મોહમ્મદહુસૈન ખુલ્દ આબાદીને વસીય્યત કરી હતી કે તે સમજુતી અને સ્પષ્ટતા લખે. તેમની કિતાબો સરળ ફારસી ભાષામાં લખાયેલી છે અને દુનિયવી અને ઉખરવી ફાયદાઓથી ભરપુર છે. આ કિતાબોના ઉર્દુ તરજુમા પણ પ્રાપ્ય છે.

## અલ્લામા મજલીસીની કિતાબો:

અલ્લાહ તઆલાએ આપને અસાધારણ તૌફીકાત અતા કરી હતી. આશ્ચર્યજનક યાદ શક્તિ ધરાવતા હતા અને ઇલ્મ પ્રત્યેની ચાહનાનો એક અજીબ આનંદ તેમના વ્યક્તિત્વમાં જોવા મળતો હતો. અલ્લામા મૌસુફની લગન અને પ્રયત્નોએ જે ઇલ્મી ખઝાનો કિતાબોના સ્વરૂપમાં છોડયો હતો તે આ મુજબ છે.

(૧) બેહારૂલ અન્વાર ૨૫ દળદાર પુસ્તકોનું બનેલ છે જે હવે ૧૧૦ ભાગમાં પ્રકાશિત થઇ રહી છે. (૨) હયાતુલ કોલુબ ૩ જીલ્દોમાં છે. (૩) બીજી કિતાબો હક્કુલ યકીન (૪) હિલ્યતુલ મુત્તકીન (૫) અય્નુલ હયાત (૬) જીલાઉલ ઓયુન (૭) તૌહિદે મુફઝ્ઝલ (૮) વિવિધ મસઅલાના જવાબો (૯) તઝકેરતુલ અઇમ્માહ

અને આ સિવાયની બેશુમાર કિતાબો છે જે મસઅલાઓના ઉકેલ માટે મૌજુદ છે.

આપની તમામ કિતાબો મળીને ૫૮ કિતાબો થાય છે, જે

એક ગણતરી છે નહીતર તેના સિવાય પણ આપે ઘણું બધુ લખ્યુ છે. આ તમામ કિતાબોમાં બેહારૂલ અન્વાર એ એનસાઇક્લોપીડીયાની હૈસીયત રાખે છે.

## બુઝુર્ગતરીન ઓલમાની દ્રષ્ટીએ અલ્લામા મજલિસીઃ

તે મહાન ઓલમા કે જેના માટે શીઇય્યત જેટલુ ફખ્ર કરે ઓછુ છે, અને તેમનું નામ જીભ પર આવતા જ મોટા મોટા ઓલમા તાઝીમથી માથુ જુકાવી દે છે, મરહુમ મિર્ઝા હુસૈન નૂરી, અલ્લામા વાહિદ બહબહાની, મહાન ઉસ્તાદ હાજ શૈખ મુર્તઝા અન્સારી પોતાના લખાણમાં અલ્લામા મોહમ્મદ બાકિર મજલિસીને અલ્લામાના ખિતાબથી જ ફક્ત યાદ નથી કરતા બલ્કે મૌસુફની ઇલ્મી હૈસીયત, અઝમત અને ઉચ્ચ ખિદમતોને ખૂબજ વખાણે છે અને ખૂબજ કદરની નજરથી જોવે છે અને એક મહાન સંશોધક, ઇલ્મનો ચિરાગ અને જન્મજાત બુધ્ધિશાળી તરીકે સ્વિકાર કર્યો છે.

આ હકીકત ઘણી હદે રોશની ફેકે છે કે અલ્લામા મજલિસી સ્રોત છે, ઇલાહી ઇલ્મનો. જે અંબીયાની તબ્લીગનો વારસો છે. આપ ઇમામે ઝમાના(અ.સ.)ના દરવાજાથી ઘણા નઝદીક છે, નહિતર આવડા મોટા ઇલ્મ સંગ્રહને ઇલ્મ તલબ કરવાવાળાઓ માટે છોડીને જવુ એ અશક્ય કામ હોત અને એ ચોક્કસ છે કે તપાસ કરતા તે બાબત જાણવા મળી છે કે ક્રમવાર ગોઠવણી અને ભેગુ કરવા માટે પોતાના શાગિર્દોની મદદ ચોક્કસ લીધી હશે.

અલ્લામા મજલિસીનો આવો મહાન પરિચય અંકના પાનાઓની કમી હોવા છતા આપવાનો યોગ્ય છે, એ માટે કે આપણી કૌમ બંને બાજુઓથી આગાહ થઇ જાય. એક તો આપણે આ આલિમની મઅરેફત હાસિલ કરીએ કે જેણે દુશ્મનોની ખોખલી ચર્ચાઓને ખોટી પૂરવાર કરી અને ઇલ્મ તરસ્યા અને લેખકો આપના સંકલનો તરફ ધ્યાન આપે અને અલ્લામા મૌસુફની વિરૂધ્ધ હલ્કી વાતો કરવાથી દૂર રહે.

આ ઉપરાંત એક હેતુ એ પણ છે કે અલ્લામા મૌસુફની બેહારૂલ અન્વાર ૨૫ દળદાર પુસ્તકોની બનેલ છે. જેમાં ૧૩મું દળદાર પુસ્તક હઝરતે હુજ્જત ઇબ્નીલ હસન (અ.ત.ફ.શ.)ના વિશે છે.

અફસોસની વાત એ છે કે આ ૧૩મો ભાગ મખ્સૂસ ઓલમા પાસે અને મખ્સૂસ લાઇબ્રેરીઓમાં જ મળે છે. પછીના પ્રકાશનોમાં જ્યારે બેહારૂલ અન્વાર એકસો દસ ભાગમાં વિભાજીત થયુ તો ૧૩મોં ભાગ ૩ વિભાગમાં વિભાજીત થયો. ૫૧મો, ૫૨મો અને ૫૩મો ભાગ. આ ત્રણેય ભાગો ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)ના વિશે છે.

લેખક આ લેખના લખાણ માટે અલ મકતબતુલ ઇસ્લામીયા-તેહરાનથી પ્રકાશિત થવાવાળી પ્રકાશનોનો ઉપયોગ કર્યો છે. ત્રણેય ભાગોના કુલ પાના ૧૧૧૮ છે.

ઇન્શાઅલ્લાહ, અમે ૫૧મો, ૫૨મો અને ૫૩માં ભાગના વિશે તદ્દન ટુંકમાં એક પરિચય આપતો ખુલાસો લખવાની ખુશનસીબી હાસિલ કરીશુ.

## ઇમામ મહદી(અ.ત.ફ.શ.) અને બેહારૂલ અન્વારનો ૫૧-૫૨ અને ૫૩મો ભાગઃ

ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.) વિશે જે વિસ્તૃત અને પ્રમાણિત માહીતીનો ખજાનો આપે બેહારૂલ અન્વારમાં તૈયાર કર્યો છે, તેનો એક આંશિક વિચાર વાંચકો માટે હાજર છે.

### પ્રકરણ-૧

આ પ્રકરણમાં ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની વિલાદત અને આપ (અ.ત.ફ.શ.)ની માતાનો અહેવાલ વર્ણવાયેલ છે. શૈખે કુલૈની (અ.ર.)ની કિતાબ અલ કાફીથી વર્ણન કરેલ છે કે આપની વિલાદત ૧૫મી શાબાન હિ.સ. ૨૫૫માં થઇ. શૈખે સદૂક(અ.ર.)ની કિતાબ કમાલુદ્દીનના હવાલાથી લખ્યુ છે કે જ્યારે જનાબે નરજીસ ખાતૂન(સ.અ.) હામેલા થયા તો હઝરત ઇમામ હસન અસ્કરી (અ.સ.)એ તેમને ફરમાવ્યુ કેઃ તમારાથી એક ફરઝંદ પૈદા થશે જેમનું નામ મોહમ્મદ હશે અને તે મારા પછી મારો જાનશીન થશે અને ત્યાર પછીની હદીસમાં જનાબે હકીમા ખાતુન બિન્તે ઇમામ મોહમ્મદ તકી(સ.અ.) જે ઇમામ હસન અસ્કરી(અ.સ.)ની ફુઇ હતા અને ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની વિલાદતના મૌકા ઉપર જનાબે નરજીસ ખાતુનની સાથે હતા. એ બનાવનું વર્ણન કરેલ છે અને પછી એ તમામ રિવાયતો જેમાં ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.) નો અકીદો અને ઇમામ હસન અસ્કરી(અ.સ.)ના પોતાના

ખાસ સહાબીને પોતાના એ બાળકને દેખાડવુ અને તેઓને બતાવવુ કે આ મારો જાનશીન છે. એ હદીસો વર્ણવી છે.

## પ્રકરણ-૨

ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)ના નામો અને લકબો અને કુન્નીયત તેમજ તે નામોના કારણોનો ઉલ્લેખ કરેલ છે. સૌપ્રથમ લકબ **'કાએમ'**ના વિશે ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.)થી રિવાયત છે કે જેનો ખુલાસો એ છે કે ''જો કે તમામ અઇમ્મા(અ.મુ.સ.) કાએમ બરહક છે. પરંતુ આ લકબ ખાસ કરીને ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)થી સંબંધિત એટલા માટે છે કે આપ(અ.સ.) ઇમામ હુસૈન(અ.સ.)ના ખૂનનો બદલો લેવા માટે કયામ કરશે.''

આપ(અ.સ.)ને **'મહદી'** એટલા માટે કહેવામાં આવે છે કે ખુદાવંદે આલમે આપને અમ્રે હકીકીની હિદાયત કરી છે. આપ વાસ્તવિક તૌરાત અને અન્ય આસમાની કિતાબોને બહાર લાવશે અને તૌરાતની પૈરવી કરવાવાળાઓને તૌરાતના એહકામ અને ઇન્જીલવાળાઓને ઇન્જીલથી તેમજ એહલે ઝબુર પર ઝબુરના થકી અને મુસલમાનો પર કુર્આનના મુજબ હુકુમત કરશે.

અલ્લામા મજલિસી આ હદીસની નીચે બયાન કરે છે કે તૌરાતવાળાઓથી તૌરાત વડે ફેંસલો કરશે. એમા કોઇ વિરોધાભાસ નથી. આ હદીસ કે જેમાં બયાન થયુ છે કે ફક્ત દીને ઇસ્લામ કબુલ કરશે કારણકે અહીં રહસ્ય એ છે કે તેમની કિતાબોથી દલીલ કાયમ કરશે.

## પ્રકરણ-૩

હઝરતનું નામ ક્યાં કેવી રીતે લેવામાં આવે અને ક્યાં ન લેવામાં આવે.

## પ્રકરણ-૪

આપની સિફતો અને નિશાનીઓ તથા આપનો બુલંદ નસબ જેમકે આપની છુપી વિલાદત, અમીરૂલ મોઅમેનીન(અ.સ.)નું ખાનદાન, આખરી ઝમાનાના ઝુહુર, મધ્યમ વયના જુવાન, આપનો દેખાવ, નસબ જેમકે ઇમામે રેઝા(અ.સ.)ના પછી કયા ઇમામ(અ.સ.)ની અવલાદમાંથી છે?

## પ્રકરણ-૫

એ આયતોનો ઉલ્લેખ જેનો એહલેબૈત(અ.મુ.સ.)એ પોતાની રિવાયતોમાં ઇમામ મહદી(અ.સ.)ના ઝુહુરની તાવીલ કરી છે. એટલે કે કુરઆને મજીદમાં ઘણી બધી આયતો છે જેમાં જાહેરી અર્થથી હટીને બાતેની અર્થ પણ છે અને તે ઇમામ(અ.સ.)ના ઝુહુરની તરફ ઇશારો કરે છે.

## પ્રકરણ-૬

ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)ના વિશે શીઆ અને સુન્ની હવાલાઓથી ખુદા અને રસુલ(સ.અ.વ.)વડે બયાન થયેલ હદીસો આવેલી છે. જેમ કે પયગંબર(સ.અ.વ.)નું આ ફરમાન કે 'અમે અવલાદે અબ્દુલ-મુત્તલીબ, રસુલુલ્લાહ (સ.અ.વ.), હમ્ઝા સય્યદુશ્શોહદા, જાફરે તય્યાર, અલી (અ.સ.), અને ફાતેમા(અ.સ.), હસન(અ.સ.)અને હુસૈન (અ.સ.) તેમજ મહદી(અ.સ.)જન્નતના સરદારો છીએ.'

## પ્રકરણ-૭

ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)ના વિશે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી નક્લ થએલ હદીસો છે.

## પ્રકરણ-૮ થી ૧૫

આ પ્રકરણોમાં ઇમામ હસન(અ.સ.),ઇમામ હુસૈન (અ.સ.), ઇમામ ઝયનુલ આબેદીન (અ.સ.), ઇમામ બાકિર (અ.સ.), ઇમામ સાદિક(અ.સ.), ઇમામ કાઝિમ(અ.સ.), ઇમામ રેઝા(અ.સ.), ઇમામ જવાદ(અ.સ.), ઇમામ અલી નકી (અ.સ.), ઇમામ હસન અસ્કરી(અ.સ.)થી ઇમામ ઝમાના (અ.સ.)ના બારામાં વારીદ થયેલ હદીસોનો ઉલ્લેખ છે.

## પ્રકરણ-૧૬

આ પ્રકરણમાં ભવિષ્યવેત્તાઓથી વર્ણન થવાવાવાળી ભવિષ્યવાણીનો ઉલ્લેખ છે જેમકે સુતૈહ નામનો એક ભવિષ્યવેત્તા જે ઇસાઇ હતો અને અરબ હતો અર્દનના અસાન પ્રદેશથી તેનો સંબંધ હતો. તેણે એક બાદશાહ ઝાજદાનના

ભવિષ્યની હાલતો વિશે જણાવ્યુ અને અમુક ભવિષ્યવાણીઓ કરી જે વાંચવાલાયક છે.

## પ્રકરણ-૧૭

શૈખ તુસીની દલીલો જે ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની ગયબત અને તેમના પવિત્ર અસ્તિત્વના વિશે છે.

## પ્રકરણ-૧૮

અંબીયા(અ.મુ.સ.)ની ગયબત વડે ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ગયબત પૂરવાર કરી છે.

## પ્રકરણ-૧૯

અમૂક લાંબુ આયુષ્ય જીવવાવાળા લોકોના ઉલ્લેખ વડે તુલે ઉમ્રના વિરોધીઓને જવાબ અને તેના વડે ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની લાંબી ગયબત અને લાંબી ઉમ્રની દલીલો. આ એક વિસ્તૃત પ્રકરણ છે. અને મરહુમ અલ્લામા મજલીસીએ આ પ્રકરણમાં આપણા મહાન ઓલમા જેમ કે શૈખે સદુક(અ.ર.)ની કિતાબ કમાલુદ્દીનમાંથી ઘણા બધા લાંબી ઉમ્રવાળા લોકોનો ઉલ્લેખ કરેલ છે. લાંબી ઉમ્રને અશક્ય સમજવાવાળાની માન્યતાઓને સ્પષ્ટ ઉદાહરણોથી રદ કરી છે. આજ રીતે મરહૂમ સૈયદ મુર્તઝા અલ્લામા કરાજકી અને શૈખે મુફીદ(રીઝવાનુલ્લાહે અલય્હ) અજીબો ગરીબ પ્રકારના લાંબી ઉમ્રના લોકોનો ઉલ્લેખ કર્યો છે અને સાબિત કર્યુ છે કે લાંબી ઉમ્ર એ કોઇ નવી વસ્તુ નથી.

## પ્રકરણ-૨૦

અમુક મોઅજીઝાઓ જે ઇમામે ઝમાના(અ.સ.)ની પવિત્ર ઝાતે અકદસથી જાહેર થયા, તેમનો ઉલ્લેખ છે. ઉપરાંત હઝરત(અ.સ.)ના મહાન મરતબો ધરાવનારા નાએબોનો ઝિક્ર થએલ છે. આશરે ૪૨ લોકોનો ઉલ્લેખ છે. આ બનાવોમાં ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)એ પોતાના ચાહવાવાળાઓનું માર્ગદર્શન અને મદદ કરી છે. અમુક એવી બાબતો પરથી પર્દો ઉંચક્યો છે અને એવી બાબતને જાહેર કરી છે કે લોકો અચંબામાં પડી ગયા.

## પ્રકરણ-૨૧

ગયબતે સુગરામાં ઇમામ(અ.સ.)ના ખાસ નાએબો અને તેમના થકી ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.) અને શીઆઓની વચ્ચે સંપર્કનો ઉલ્લેખ છે. અબુ અમ્ર ઉસ્માન બિન સઇદ અમ્રી, અબુ જાફર મોહમ્મદ બિન ઉસ્માન અમ્રી, અબુ કાસિમ હુસૈન બિન નવબખ્તી અને અબુ હસન અલી બિન મોહમ્મદ સૈમુરી ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)ના ખાસ નાએબોમાંથી હતા. ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)એ આ નાએબો થકી એક બેહતરીન વ્યવસ્થા સ્થાપી, જે ગયબતે કુબ્રા માટે એક પ્રસ્તાવના હતી. ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)એ શીઆઓના દીમાગોને તૈયાર કર્યા કે ગયબતના ઝમાનામાં કેવી રીતે ઇમામથી સંપર્ક રાખી શકાય છે અને મસઅલાનો ઉકેલ મેળવી શકાય છે.

## પ્રકરણ-૨૨

## નિયાબતનો દાવો કરવાવાળાનો ઉલ્લેખઃ

અમુક એવી વ્યક્તિઓ થઇ ગઇ જેઓએ ગયબતે સુગરામાં ઇમામ(અ.સ.)ના નાએબ હોવાનું જાહેર કર્યુ જેણે સૌથી જુઠી નિયાબતનો દાવો કર્યો તે અબુ મોહમ્મદ હસન શરીઇ હતો. આવી રીતે મોહમ્મદ બીન નઝીર ગૈરી, એહમદ બીન હીલાલ કરખી, મોહમ્મદ બીન અલી બીલાલ, હુસૈન બીન મન્સુર હલ્લાજ, મોહમ્મદ બીન અલી શલ્મગાની અને અબુબકર બગદાદી જે અબુ દલફ મજનુનના નામે પણ મશહુર હતો. તેઓએ ઇમામના નાએબ હોવાનો દાવો કર્યો હતો. ખુદાએ તેઓ બધાને ઝલીલ અને રૂસ્વા કર્યા.

૫૨ માં ભાગમાં કુલ ૧૦ પ્રકરણો છે. જેમકે અમે ૫૧ માં ભાગનો પરિચય આપતી વખતે લખ્યુ હતુ કે ૫ પ્રકરણો પ્રસ્તાવના રૂપે છે અને તેના પછીના પ્રકરણો અસલ છે. અને તે ભાગ ૨૨ પ્રકરણો છે. પરંતુ ૫ પ્રકરણોને અલગ કર્યા પછી ૧૭ પ્રકરણ વધે છે. આથી ૫૨ માં ભાગમાં પ્રકરણોની ગણતરી ૧૮ માં પ્રકરણથી શરૂ થાય છે. આથી અમે એજ ક્રમ મુજબ બયાન કરીએ છીએ એટલે ૫૧ માં અને ૫૨ માં ભાગને મેળવી કુલ ૨૭ પ્રકરણ થાય છે.

## પ્રકરણ-૧૮

(એટલે કે ક્રમવાર જોઇએ તો ૨૩ મું પ્રકરણ) આ પ્રકરણમાં જેઓએ ઇમામે ઝમાના(અ.સ.)ના દીદાર કર્યા છે તેઓ વીષે વર્ણન છે, અહી અમે માત્ર ૧ બનાવનું વર્ણન કરીએ છીએ.

અલી ઇબ્ને ઇબ્રાહીમ ફદકીએ હિકાયત વર્ણવી છે. અવદીએ તેને વર્ણન કર્યુ છે કે ''હું ખાનએ કાબાનો તવાફ કરતો હતો. ૬ તવાફ પુર્ણ કરી ચુક્યો હતો અને ૭ મો તવાફ કરવા માંગતો હતો કે મારી નજર અમુક લોકો ઉપર પડી જેઓ ખાનએ કાબાની જમણી બાજુ બેઠા હતા (દરવાજાની તરફ મોઢુ કરીને ઉભા રહીએ તો ડાબી બાજુ હજરે અસ્વદ છે અને જમણી બાજુ હીજરે ઇસ્માઇલ) અને એક ખુબસુરત અને ખુશ્બુદાર જવાન તેમની પાસે આવ્યા. તેમજ વાતચીતની શરૂઆત કરી. હું પણ આગળ વધ્યો અને વિચાર્યુ કે તેનાથી વાત કરૂ પરંતુ લોકોની ભીડના લીધે હું ન જઇ શક્યો. મેં એક શખ્સને પુછ્યુ કે આ કોણ છે? કહ્યું આ પયગમ્બરના ફરઝંદ છે, દર વર્ષે એક દિવસ આમ લોકોની મુલાકાત કરે છે અને તેઓથી વાતચીત કરે છે. હું તેમની પાસે ગયો અને કહ્યું હું આપીની ખિદમતમાં આવ્યો છું અને મારી રેહનુમાઇ કરો ખુદા તમારો રેહનુમા થાય. તેમણે એમ મુઠ્ઠી કાંકરાઓ ઉઠાવ્યા અને મારા હાથમાં આપી દીધા. મેં કહ્યું કાંકરાઓ! પછી મેં હાથોને ખોલીને જોયુ તો મારી મુઠ્ઠી સોનાના સિક્કાથી ભરેલી હતી! જ્યારે હું ત્યાથી હટી ગયો તો જોયું તે આપણા મૌલા અને આકા મારી પાસે આવ્યા અને ફરમાવ્યું હકીકતની નિશાની અને હકના ચિન્હો તમારી ઉપર જાહેર થઇ ગયા અને તારા દિલનો અંધાપો દુર થઇ ગયો શું મને ઓળખો છો? મેં કહ્યું નહી, ખુદાની કસમ.

ફરમાવ્યુંઃ હું એ જ મહદી છું, હું કાએમ છું. જમીનને અદ્લથી ભરી દઇશ જેવી રીતે ઝુલ્મોજૌરથી ભરેલી છે. જમીન હુજ્જતે ખુદાથી ખાલી નથી રહેતી....

### યાદીઃ

અસંખ્ય વાકેઆત વર્ણન થયા છે જેમાં ઇમામે ઝમાના(અ.સ.)એ મક્કા, મદીના, મીના, અરફાત, સામર્રા, કુમ, કરબલા, નજફ અને દુનિયાના વિવિધ પ્રદેશોમાં લોકોને મુલાકાત આપી અને તેમની હિદાયત કરી.

## પ્રકરણ-૧૯

(અગાઉના ક્રમ મુજબ ૨૪ મું પ્રકરણ) સઅદ બિન અબ્દુલ્લાહ અશ્અરીનું ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)થી મુલાકાત કરવી અને તે હઝરત(અ.સ.)થી ઘણા બધા સવાલોના જવાબ હાસિલ કરવા. સઅદ બિન અબ્દુલ્લાહ કુમ્મીને કિતાબો જમા કરવાનો અને તેનો અભ્યાસ કરવાનો અને તેના સહારે શીઆ મઝહબના હકાએકને બયાન કરવાનો ખૂબ જ શોખ હતો. આથી ઘણી વાર એહલે તસન્નુન સાથે મુનાઝેરો પણ થતો. ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)એ તેમની ઘણી બધી મદદ કરી હતી અને આ રીતે સુન્નીઓને શરમીંદગીનો સામનો કરવો પડ્યો.

## પ્રકરણ-૨૦ (૨૫)

ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની ગયબતના કારણો અને ગયબતના સમયમાં લોકો ઇમામે ઝમાના(અ.સ.)થી કઇ રીતે ફાયદો મેળવી શકે તેના વિશે છે. અલ મુન્તઝરના વિવિધ અંકોમાં આ પ્રકરણમાંથી ઘણા બધા લેખો લખવામાં આવેલા છે.

## પ્રકરણ-૨૧ (૨૬)

ગયબતના સમયમાં શીઆનું ઇમ્તેહાન અને આ ઇમ્તેહાન થકી ઇમાનનું મજબુત થવું. આ પ્રકરણમાં એ વાત પણ વર્ણવવામાં આવી છે કે હઝરત ઇમામ મહદી(અ.સ.)નો ઝુહુરનો સમય કોઇ નથી જાણતું. આથી જે ઝુહુરનો સમય બતાવે તે જુઠ્ઠો છે.

## પ્રકરણ-૨૨ (અગાઉના ક્રમ મુજબ ૨૭મું)

ઇન્તેઝારની ફઝીલતો, શીઆની પ્રશંસા અને વખાણ, ગયબતના ઝમાનામાં શીઆની જવાબદારીઓ. આ પ્રકરણમાં ૭૭ રિવાયતોનું વર્ણન કરેલ છે. મશહુર રિવાયત જે આજે દરેકની ઝબાન પર છે એ નબી(સ.અ.વ.)ની રિવાયત કે તેમણે ફરમાવ્યુંઃ ''મારી ઉમ્મતનો સૌથી અફઝલ અમલ ફરજનો ઇન્તેઝાર છે.''

## પ્રકરણ-૨૩ (૨૮)

આ પ્રકરણમાં તેમનો ઉલ્લેખ છે જેઓએ ગયબતે કુબ્રામાં ઇમામ મહદી(અ.સ.)ને જોવાનો દાવો કર્યો છે અને એ કે હઝરત(અ.સ.) લોકોની વચ્ચે આવે છે અને લોકોને જોવે છે, પરંતુ લોકો તેમને જોઇ શકતા નથી. આપની મશહુર તૌકીઅ જે આપે પોતાના આખરી નાએબે ખાસ અલી બિન મોહમ્મદ સયમુરીને લખેલી કે જેમાં આપે ગયબતે સુગરાનો અંત અને ગયબતે કુબ્રારાની શરૂઆતની ખબર આપી છે તે મૌજુદ છે.

ઇમામ રેઝા(અ.સ.) ફરમાવે છેઃ

*''કારણ કે હઝરતે ખિઝ્ર(અ.સ.)એ આબે હયાત પીધુ છે, સૂરના ફુંકાવવા સુધી જીવતા રહેશે, તેઓ અમારી પાસે આવે છે, સલામ કરે છે, અમે તેમની અવાજને સાંભળીએ છીએ, પરંતુ તેમને જોતા નથી. જ્યાં પણ તેમનું નામ લેવામાં આવે છે. તે હાજર થઇ જાય છે અને તમારામાંથી જે કોઇ તેમનું નામ લે છે તેમને સલામ કરે છે. ખિઝ્ર(અ.સ.) દર વર્ષે હજ માટે આવે છે અને હજના તમામ આમાલ અંજામ આપે છે તેમજ અરફાના દિવસે રોકાણ કરે છે અને મોઅમેનીનની દૂઆ કબુલ થવા માટે આમીન કહે છે. ખૂબ જ જલ્દી ખુદાવંદે આલમ અમારા કાએમ(અ.સ.)ની લાંબી ગયબતમાં તેમની વહેશતને તેમના (જનાબે ખિઝ્ર અ.સ.) વડે દૂર કરી દેશે અને તેમના એકલાપણાને સંગાથમાં બદલી દેશે. (એટલા માટે કહેવામાં આવે છે કે હઝરતે ખિઝ્ર(અ.સ.) ઇમામે ઝમાના(અ.સ.)ના ગયબતના દોસ્ત છે.''*

## પ્રકરણ-૨૪ (૨૯)

આ પ્રકરણમાં અલ્લામા મજલિસીએ અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના હરમમાં મુકદ્દસે અર્દબેલીની મુલાકાત વર્ણવી છે. પછી મીર ઇસ્હાક ઇસ્તરાબાદી જે તય્યુલ અર્ઝથી પ્રખ્યાત હતા તેમની મુલાકાત. મીરઝા મોહમ્મદ ઉસ્તરાબાદીનો બનાવ અને મોહમ્મદ બિન ઇસા બહરૈનીનો વાકેઓ જે 'દાડમનો બનાવ' થી મશહુર છે, વર્ણવ્યો છે.

## પ્રકરણ-૨૫ (૩૦)

આ પ્રકરણમાં ઝુહુરની અલામતો જેમકે સુફયાનીનો ખુરૂજ, દજ્જાલનું નીકળવું અને અન્ય ઘણી બધી નિશાનીઓનો ઉલ્લેખ છે. આ પ્રકરણ ખુબ જ રસપ્રદ છે કારણ કે નિશાનીઓની ચર્ચામાં શંકા-કુશંકા અને વિરોધો, વાંધાઓ અને જુદી જુદી માન્યતાઓનો વરસાદ છે. અલ્લામાએ ઘણી બધી શંકાઓનો જવાબ આપ્યો છે. નિશાનીઓનું હતમી હોવું કે ન હોવું તેના વિશે વર્ણન છે. ઝુહુર પહેલા અને પછીના બનાવો પર રોશની નાખવામાં આવી છે.

## પ્રકરણ-૨૬ (૩૧)

આ પ્રકરણમાં ખાસ કરીને તે દિવસનું બયાન છે જે દિવસે આપ(અ.જ.ત.ફ.શ.)નો ઝુહુર થશે અને એ દિવસે કઇ કઇ બાબતો બનશે. જેમ કે ઇમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુંઃ ''અમો એહલેબૈત(અ.મુ.સ.)માંથી કાએમ(અ.સ.) નો ઝુહુર જુમ્આના દિવસે થશે.''

બક્ર બિન અઅ્યુનએ વર્ણન કર્યુ છે કે ઇમામ સાદિક(અ.સ.)એ હજરે અસ્વદ અને એ રૂક્નના વિશે (કે જ્યાં હજરે અસ્વદ નસ્બ કરવામાં આવેલ છે) સ્પષ્ટતા કરી અને ફરમાવ્યુંઃ ''આ રૂક્નમાંથી એક પક્ષી કાએમ(અ.સ.) પર ઉતરશે અને સૌથી પહેલા તે બયઅત કરશે. ખુદાની કસમ તે પક્ષી જીબ્રઇલ(અ.સ.) છે અને આ એજ રૂક્ન છે કે જેની ટેક લગાવીને કાએમ(અ.સ.) ઊભા રહેશે અને તે કાએમ(અ.સ.)ના વુજુદ પર હુજ્જત અને દલીલ છે તેમજ રૂક્ન એ લોકોના માટે ગવાહ પણ થશે જે લોકોએ આ જગ્યા પર તેમની બયઅત કરી હશે. તે દિવસે હઝરત ઇસા(અ.સ.)નું નાઝિલ થશે.''

હઝરત અબ્દુલ અઝીમ (જેમનો રોઝો મશહદમાં છે) તેમણે ઇમામ મોહમ્મદ તકી(અ.સ.)થી રિવાયત કરી છે કે ''૩૧૩ વ્યક્તિ તેમના (અ.સ.)ની આજુ બાજુમાં જમાં થઇ જશે તેઓ નિખાલસ હશે પછી હઝરત ઝુહુર કરશે અને ત્યાર બાદ એહદો મીસાક પૂર્ણ થઇ જશે ત્યાં સુધી કે તેમની સંખ્યા વધીને ૧૦,૦૦૦ થઇ જશે તો ખુદાના હુકમથી કયામ કરશે અને એટલા બધા દુશ્મનોને કત્લ કરશે કે ખુદા તેમનાથી રાજી થઇ જશે. હઝરત અબ્દુલ અઝીમએ પુછ્યુંઃ મૌલા કેવી રીતે

ખબર પડે કે ખુદા તેમનાથી રાજી થઇ ગયો? ફરમાવ્યુંઃ ખુદા પોતાની રેહમતોને તેમના દિલ પર ઉતારશે.''

### પ્રકરણ-૨૭ (૩૨)

આ પ્રકરણમાં આપની સીરત અને અખ્લાક તથા અસ્હાબની સંખ્યા અને તેમની ખાસીયતો અને હાલાતનું વર્ણન છે. આ પ્રકરણ ખૂબ જ રસપ્રદ છે. ઘણા બધા વાંધાઓનો જવાબ છે. આ પ્રકરણમાં ૫૨માં ભાગનું છેલ્લુ પ્રકરણ છે.

**૫૩ મો ભાગઃ**

નવા પ્રકાશનનો આ ૫૩મો ભાગ છે. આ ભાગમાં ફક્ત ૪ પ્રકરણ છે. ૪ પ્રકરણોની વિગતો નીચે મૂજબ છે.

## પ્રકરણ-૨૮ (૩૩)

આ પ્રકરણમાં ઇમામ જઅફરે સાદિક(અ.સ) અને ઇમામ મુસા કાઝિમ(અ.સ.)ના મશહૂર સહાબી જનાબે મુફઝઝલ બિન ઉમર કૂફીના થકી ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના ઝુહૂરના સમયના સંજોગોનું વર્ણન છે. મુફઝઝલ બિન ઉમરે ઇમામ સાદિક(અ.સ.) અને ઇમામ કાઝિમ(અ.સ.)થી સવાલો કર્યા હતા અને તેઓએ તેના જવાબો આપ્યા હતા. જેમકે પુછ્યુ હતુ કે શું મહદીએ મુન્તઝરના ઝુહૂરનો સમય નિશ્ચીત છે કે જેથી લોકો એ જાણી લે કે ક્યારે ઝુહૂર થશે? અથવા તેમના ઝુહૂરના સમયે પરિસ્થિતિ કેવી હશે? શું ઝુહૂરનો સમય નિશ્ચીત નથી થયો? આયત ''લે યુઝહેરહુ અલદ્દીને કુલ્લે...''ની તાવીલ શું છે? શું તેમનો દીન ઇબ્રાહીમ અને મૂસા અને ઇસા અને મોહમ્મદ (અ.સ.)નો દીન હશે? મૂસાની કૌમને યહૂદી શા માટે કહેવાય છે? ઇસાઇઓને નસ્રાની શા માટે કહેવાય છે? મહદી (અ.સ.) કઇ જમીન પરથી ઝાહેર થશે? ગયબતમાં તેમના સાથી કોણ હશે? આ રીતે ઘણા બધા સવાલોના જવાબો ઇમામ સાદિક(અ.સ.) અને ઇમામ કાઝિમ(અ.સ.)એ આપ્યા છે.

## પ્રકરણ-૨૯ (૩૪)

આ પ્રકરણમાં રજઅત વિશે છે. પાના નંબર ૩૯ થી પાના નંબર ૧૪૫ સુધી એટલે કે ૧૦૬ પાના છે. આ પ્રકરણમાં કુલ ૧૬૨ હદીસો છે. અલ્લામા મજલીસીના બેહતરીન તબસેરા-સ્પષ્ટતાઓ અને વિરોધીઓના માટે દલીલપૂર્વકના જવાબો નજરે ચડે છે. રજઅતની ચર્ચા જરા મુશ્કીલ ચર્ચા છે. એહલે સુન્નત રજઅત પર અકીદો નથી રાખતા કારણકે રજઅતની વાતો તેમને સારી નથી લાગતી. ઇમામ બાકિર(અ.સ.)થી રિવાયત છે કે 'રજઅતની વાતો તેઓની સામે ન કરો.'

## પ્રકરણ-૩૦ (૩૫)

આ પ્રકરણમાં હઝરત મહદી(અ.સ.)ના પ્રતિનિધિઓ અને તેમની અવલાદનો ઉલ્લેખ છે અને તે હઝરત(અ.સ.)ના પછી શું હાલત થશે તેનું વર્ણન છે.

## પ્રકરણ-૩૧ (૩૬)

આ જૂની અને નવી બંને ભાગોનું આખરી પ્રકરણ છે. ૨૩ હદીસો છે. ઇમામે ઝમાના(અ.સ.) તરફથી વારિદ થયેલી તૌકીઓ(પત્રો)નું વર્ણન છે. તૌકીઓ અસલમાં તે પત્રો અને લખાણો છે કે જેને ઇમામે ઝમાના(અ.સ.)એ ગયબતે સુગરામાં પોતાના ખાસ નાએબો વડે શીઆઓના વિવિધ સવાલો અને મુશ્કેલીઓના જવાબ આપ્યા છે અને ગયબતે કુબરામાં પણ આપણા મહાન ઓલમાએ આપ (અ.સ.) ને સવાલો કર્યા છે અથવા અમુક મૌકા પર સવાલ વગર હઝરતે પોતે સુધારણા માટે પત્ર મોકલ્યા છે.

લેખના અંતમાં બારગાહે ખુદાવંદીમાં દુઆગો છીએ કે હઝરતનો ઝુહુર અલ્લાહ જલ્દી કરે અને આપણો શુમાર તેમના મદદગારો અને ખિદમતગુઝારોમાં કરે.

અય બન્ને જહાનના પાલનહાર અમને તૌફીક અતા કર કે અમે અમારા ઓલમાની કદ્રો મંઝેલતને સમજીએ અને તેમની આપેલી ઇલ્મની રોશનીમાં અમારા આકા ઇમામે અસ્ર(અ.સ.)ની મઅરેફત હાસિલ કરીએ. આમીન.

---ooo---

# ગયબતનો ઝમાનો અને ઈલ્મ હાંસિલ કરવાનું મહત્વ

**પ્રસ્તાવનાઃ**

ઈન્શાઅલ્લાહ અમે આ લેખમાં ઉપરોક્ત વિષય બાબત જુદા જુદા દ્રષ્ટિકોણથી ઉડતી નજર કરશું.

## આજનો ઝમાનોઃ

હાલનો ઝમાનો ઈમામે ઝમાના(અ.સ.)નો ગયબતનો સમયગાળો છે. જે અન્ય ઝમાનાઓથી અલગ છે, કારણ કે આ સમય ઈન્સાનની તરક્કીનો આશ્ચર્યજનક સમય છે.

છેલ્લી ચાર સદીઓમાં ઈન્સાને પ્રગતિના જે સોપાનો પસાર કર્યા છે તેની મિસાલ માનવ ઈતિહાસમાં જોવા મળતી નથી.

આ તરક્કી જીંદગીની કોઈ મખ્સુસ શાખા સુધી મર્યાદિત નથી પરંતુ માનવ જીવનના તમામ પાસાને સંપૂર્ણ રીતે આવરી લીધી છે. આ સમયને ચિંતકોએ જ્ઞાન અને વિજ્ઞાનનો સમય કહ્યો છે.

વિજ્ઞાનની તરક્કીએ ઈન્સાનની જીંદગીને આરામથી ભરી દીધી છે.

કુરઆને કરીમે પણ આખરી ઝમાનાના લોકોની ઈલ્મી તરક્કી અને પયગમ્બરે ઈસ્લામે પણ આખરી ઝમાનાના ઈન્સાનની ભૌતિક પ્રગતિનો ઉલ્લેખ કરેલ છે. માઅસુમીન (અ.મુ.સ.)એ પણ આ સમયની પરિસ્થિતિને પોતાની હદીસોમાં બયાન કરેલ છે.

પરંતુ વિજ્ઞાને જ્યાં એક બાજુ રાહતના બેશુમાર માધ્યમો પુરા પાડ્યા છે ત્યાં એવા ગુનાહોને પણ જન્મ આપ્યો છે જેનો ભૂતકાળમાં વિચાર પણ નહોતો થઈ શકતો. જે ગુનાહો કરવા માટે અગાઉના ઝમાનામાં મહેનત અને સંઘર્ષ કરવો પડતો તે આજના ઝમાનામાં એક કોમ્પ્યુટરની ક્લીકથી શક્ય છે. તે ટેલિવીઝન હોય કે ઈન્ટરનેટ, તે માહિતી વધારવાની સાથો સાથ દીમાગને ભ્રષ્ટ કરીને હજારો નફસોને ખતરામાં મુકી શકે છે. ઝુલ્મ અને સરમુખ્તયારશાહી તેમજ બેશરમી એ સ્વતંત્ર વિચારધારા અને ઈન્સાની હકોની જાળવણીનો પોશાક પહેરી લીધો છે.

અખ્લાકીયાત અને ઈન્સાનીયતે પોતાનો ભરોસો ગુમાવી દીધો છે અને મઝહબી સંસ્થાઓને અને શર્મ અને હયા તથા દીનથી વળગી રહેવાને રૂઢીચુસ્તતા નામ દેવામાં આવી રહ્યું છે.

ફાસિકો અને ફાજિરોના પોતાના બનાવેલા વ્યવહાર પર વાહ વાહ થઈ રહી છે અને દૌલતમંદોના વખાણ કરવામાં આવી રહ્યા છે. તેમજ તેમની જીંદગીને નમુનો બનાવવામાં આવી રહ્યો છે જેની આગાહી અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ કરી હતી તે સમય આવી ચુક્યો છે. આપ(અ.સ.) ફરમાવે છેઃ

***"કસમ છે એ ખુદાની કે જેના કબ્ઝએ કુદરતમાં મારી જાન છે! તમે તમારી પસંદીદા ચીજ (ઝુહુરે કાએમ)ને નહી પામો ત્યાં સુધી કે આંખમાં સુરમાં જેટલા મોઅમીનો રહી જશે અથવા દાળમાં નમક જેટલા. તેનું ઉદાહરણ આ છે કે ઈન્સાન ઘઉંના દાણાઓને સાફ સુફ કરીને સંગ્રહ કરે છે. અમૂક દિવસો બાદ તેમાં ધનેડા પડી જાય છે. પછી તેને ચાળણીથી ચાળે છે અને સાફ કરે છે અને સારા દાણાને અલગ કરે છે આ કામ અમૂક દિવસો પછી ફરી કરે છે અને આ કામ વારંવાર કરે છે અને અંતે સારા દાણા ખુબ જ ઓછા વધે છે. ઈમામ(અ.સ.) ફરમાવે છે તમને પણ આ રીતે ચાળવામાં આવશે ત્યાં સુધી કે અમુક લોકો સિવાય કોઈ ઈમાન પર બાકી નહી રહે નિરર્થક વાતોથી સુરક્ષિત રહેશે.***

(બેહારૂલ્ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ૧૧૫)

આજના ઝમાનાએ આપણી જીંદગીને રાહત અને આરામથી ભરપુર તો ચોક્કસ બનાવી દીધી છે, પરંતુ આધ્યાત્મીક્તા અને રૂહાનીયતની હાલત ખરાબ છે. શું આ મસઅલાનો કોઈ ઉકેલ છે ખરો?

## ઇલ્મનું મહત્વઃ

કોઇ પણ ચીજને હાંસિલ કરવા માટે ઇલ્મની જરૂરિયાત એ મૂળભૂત જરૂરત છે અને આ હકીકત સુર્ય કરતા વધારે સ્પષ્ટ છે.

કોઇ પણ ચીજના વિશે અનુભવ હાસિલ કરવા માટે તેનું ઇલ્મ હોવું જરૂરી છે.

એ વાત સ્પષ્ટ છે કે મુસલમાન હોવા માટે ઇસ્લામની જાણકારી હોવી જરૂરી છે. ઇમાનના માટે અકાએદથી જાણકાર હોવું જરૂરી છે. રસુલે અકરમ(સ.અ.વ.)એ ફરમાવ્યું:

***''દરેક મુસલમાન પર ઇલ્મ હાસિલ કરવું વાજીબ છે, જાણી લો કે અલ્લાહ ઇલ્મ તલબ કરવાવાળાને દોસ્ત રાખે છે''***

(કાફી, ભાગ:૧, પાના:૩૫, હદીસ:૧)

ઉપરોક્ત હદીસ પરથી એ વાત તો સ્પષ્ટ છે કે ઇલ્મ હાસિલ કરવું દરેક મુસલમાન મર્દ અને ઔરત પર વાજીબ છે. વિચારવા લાયક મુદ્દો એ છે કે તે ઇલ્મ જ વખાણવા લાયક અને મુલ્યવાન છે જે અલ્લાહ અને એહલેબૈત(અ.મુ.સ.)ની મોહબ્બતનું કારણ હોય. આવો આપણે એવા શખ્સ પર નઝર કરીએ જે ઇલ્મ હાસિલ કરવાથી ગાફીલ હોય, આ બારામાં એક હદીસ જે માસુમ(અ.સ.)થી મનકુલ છે, વાંચકોની ખિદમતમાં રજૂ કરીએ છીએ.

રાવી કહે છે કે મેં અબુ અબ્દીલ્લાહથી નસીહત સાંભળી..

***''તમારા માટે જરૂરી છે કે દીનને ઉંડાણથી સમજો, એ બદુઓની જેમ ન બનો જે દીનના વિશે ઉંડાણથી સમજણ નથી રાખતા. કયામતના દિવસે અલ્લાહ ન તો તેઓની ઉપર નજર કરશે અને ન તો તેઓના આમાલ પાકીઝા કરશે.''***

(કાફી, ભાગ:૧, પાના:૩૦, હદીસ:૧)

ઇલ્મે દીન ઇન્સાનને જન્નતની નજીક કરે છે અને જેહાલત તેમજ અજ્ઞાનતા ઇન્સાનને અલ્લાહની રહેમતથી દૂર કરે છે. ઇલ્મ એ નૂર છે, જે ઇન્સાની વિચારધારાને રોશન કરે છે અને તેમાં વિકાસ પૈદા કરે છે. ઇમામ મુસા કાઝીમ(અ.સ.) એક લાંબી હદીસમાં હિશામને નસીહત કરતા ફરમાવે છે...

***''અલ્લાહના હુકમોની વધારે જાણકારી રાખનારની અકલો મજબુત હોય છે, અને જેની અકલો મજબુત હોય છે તે દુનિયા અને આખેરતમાં મહાન મરતબા પર પહોચી જાય છે.''***

(કાફી, ભાગ:૧, પાના:૧૩, હદીસ:૧૨)

એક ઉદાહરણ થકી ઇલ્મની મહત્વતા અને અજ્ઞાનતાની બુરાઇને સ્પષ્ટ કરીએ છીએ. ઇમામ જઅફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યું:

''અજ અને સવાબ અક્લ ઉપર આધારીત છે. બની ઇસ્રાઇલમાં એક શખ્સ એક ટાપુ ઉપર ઇબાદતમાં મશ્ગુલ હતો. આ ટાપુ લીલોછમ હતો. તેના પર નદીઓ વહેતી હતી. એક ફરિશ્તો તે આબિદ પાસેથી પસાર થયો. તેણે અલ્લાહથી તે આબિદના સવાબ અને બદલા વિશે પુછ્યુ. જ્યારે અલ્લાહે ફરિશ્તાને તે આબીદના અજ અને સવાબ વિશે જણાવ્યું તો તેની ઇબાદતની સરખામણીમાં તેનો સવાબ ખૂબ જ ઓછો લાગ્યો.

અલ્લાહે તે ફરિશ્તાને આબિદની સાથે રહેવાનો હુકમ કર્યો તે ફરિશ્તો ઇન્સાની સ્વરૂપમાં જાહેર થયો. આબિદે પુછ્યુ તો તેણે જવાબ આપ્યો કે મેં તારી ઇબાદત અને રૂહાનીયત વિશે સાંભળ્યું છે અને મારી એ ઇચ્છા છે કે હું પણ તારી સાથે ઇબાદત કરૂ. તે ફરિશ્તાએ આબિદની સાથે એક દિવસ પસાર કર્યા પછી પુછ્યું:

***''તમારી આ લીલીછમ જગ્યા પર તમારી ઇબાદતની જગ્યા બહુ જ ખુબસુરત છે અને ખૂબ જ યોગ્ય છે કે તેનો ઇબાદતગાહ તરીકે ઉપયોગ થાય'' ત્યારે આબિદે કહ્યું: તે સાચું કહ્યુ, પરંતુ આ જગ્યા પર એક વસ્તુની ખોટ છે.'' પુછ્વા પર તેને જવાબ આપ્યો 'આપણા પરવરદિગાર પાસે કોઇ જાનવર નથી. કાશ તેની પાસે એક ગધેડો હોત, જેથી તે આ ઘાસ ખાઇ લેત.' ફરિશ્તાએ પુછ્યું: શું તારા પરવરદિગાર પાસે ગધેડો નથી? તેણે જવાબ આપ્યો 'અગર હોત તો આ ઘાસ આવી રીતે બરબાદ ન થાત' અલ્લાહે ફરિશ્તા ઉપર વહી મોકલી કે અમે દરેક શખ્સને તેની અક્લ મુજબ સવાબ આપીએ છીએ.***

(કાફી, ભાગ:૧, પાના:૧૧, હદીસ:૮)

આથી આપણા માટે જરૂરી છે કે ઇલ્મ હાસિલ કરીએ જેથી અક્લવાળા બનીએ.

ઇમામ બાકિર(અ.સ.)ની આ હદીસ ઘણીવાર આપણી નજરોથી ગુજરે છે..

***''એવો આલિમ જે પોતાના ઇલ્મનો ઉપયોગ કરે તે ૭૦,૦૦૦ આબીદોથી બહેતર છે.''***

(કાફી, ભાગ:૧, પાના:૩૩, હદીસ:૮)

આપણે આ ટુંકી ચર્ચા પછી આ નતીજા ઉપર આવ્યા કે કોઇ ઇલ્મનો સ્ત્રોત છે, જેના તરફ રૂજુઅ થવાથી આપણને ઇલ્મ અને યકીનની મંઝિલો દેખાવા લાગે છે અને તેજ આપણા માટે નજાત આપનારા છે. આથી ઇમામ બાકિર(અ.સ.)એ સમલા બિન્તે કુહૈલ અને હકમ ઇબ્ને અતીબાને ફરમાવ્યુ:

***''તમે બંને પૂર્વમાં જાવ કે પશ્ચિમમાં અમારી સિવાય તમને ક્યાંય સાચુ ઇલ્મ મળશે નહી. (આથી સાબિત થયુ કે હકીકી ઇલ્મના સ્ત્રોત મઅસુમીન(અ.મુ.સ.) છે.)***

(કાફી, ભાગ:૧, પાના:૩૯૯, હદીસ:૩)

અમે આ સ્થળે કુર્આન જે ઇલાહી કલામ છે અને જેમા તમામ સુકી અને ભીની અજાએબીઓ તેમાં સમેટાયેલું છે, અને હદીસો જે અહલેબૈત(અ.મુ.સ.)થી મરવી છે, વાંચકોની માટે રજુ કરવાની ખુશનસીબી હાસિલ કરીએ છીએ.

## એક સામાજીક દ્રષ્ટીકોણ:

એક મોમીનની બે જવાબદારીઓ છે. એક એ કે તે પ્રગતિના રસ્તે હોય અને બીજુ એ કે તે બીજાઓને તેમના કાર્યોમાં મદદ કરે, ભલે પછી તે તેના કુટુંબીજનો હોય અથવા દોસ્ત હોય કે સમાજ.

ઇમામ જઅફરે સાદિક(અ.સ.) ફરમાવે છે:

***''અલ્લાહ તઆલાની ઇબાદત મોમીનનો હક અદા કરવાથી બહેતર કોઇ ચીજથી નથી થઇ શકતી.''***

(કાફી, ભાગ:૧, પાના:૧૭૦, હદીસ:૪)

આથી આ પ્રશ્નનો ઉકેલ સામાજીક અને વ્યક્તીગત બન્ને ધોરણે થવો જોઇએ.

## ઇલ્મ ઇમાનને કેવી રીતે સુરક્ષિત રાખી શકે છે?

અગાઉના પાનાઓમાં ઇલ્મની ફઝીલત બયાન થઇ ચુકી છે, હવે પ્રશ્ન એ પૈદા થાય છે કે શું ઇલ્મમાં એ તાકાત જોવા મળે છે જે આપણા નફસમાં ઉભી થતી ખ્વાહીશાતોને કાબુમાં રાખી શકે? શું આપણે સામાજીક અને વ્યક્તિગત રીતે આ ગયબતના ઝમાનામાં સિરાતે મુસ્તકીમ પર સાબિત કદમ રહી શકીએ છીએ?

આ સવાલનો જવાબ છે હાં. પરંતુ દરેક ચીજની જેમ આ બાબતમાં પણ ખુદા અને અહલેબૈત(અ.મુ.સ.)ની મદદ જરૂરી છે.

### પહેલુ કદમ:

ઇન્સાન એક સામાજીક પ્રાણી છે. પરંતુ તેના શ્રેષ્ઠ હોવાનો આધાર ઇલ્મ પર રહેલો છે. આ ઇલ્મને હાંસિલ કરવા માટે ખુદાવંદે મોતઆલે કુર્આને કરીમ અને હદીસે મઅસુમીન (અ.મુ.સ.)ને ઝરીઓ કરાર દીધેલ છે.

આથી આપણી વ્યક્તિગત અને સામાજીક બન્ને પ્રકારની ઘણી જવાબદારીઓ છે જેને આપણે અમુક હદીસો દ્વારા બયાન કરીશુ. જે વિચારવા લાયક છે. ઇન્સાની જીંદગી બે પ્રકારની હાલતોથી ખાલી નથી હોતી. એક એ હાલત જે મુશ્કીલો અને દુ:ખના સમયે થાય છે. અને બીજી એ પરિસ્થિતિ જે ખુશી અને તંદુરસ્તીના સમયે પૈદા થાય છે. અક્લમંદ અને સમજદાર શખ્સે મુશ્કેલીના સમયમાં શું રીત અપનાવવી જોઇએ?

ઇમામ જઅફરે સાદિક(અ.સ.) ફરમાવે છે:

***''આલે દાઉદની હિકમતમાંથી એક હિકમત એ છે કે અક્કલમંદ પોતાના ઝમાનાની હાલતથી આગાહ હોય, પોતાનાથી આગાહ હોય અને પોતાની જીભને મહફુઝ રાખે.''***

(કાફી, ભાગ:૨, પાના:૧૧૬, હદીસ:૨૦)

ઇમામ જઅફરે સાદિક(અ.સ.)નું આ વાક્ય કેટલુ સ્પષ્ટ છે!!

***''અક્કલમંદ શખ્સ દીની અને દુન્યવી શિક્ષણ હાસિલ કર્યા પછી પોતાની હાલતનો તાગ લગાવે છે અને ખામોશીની સાથે આગળ વધી જાય છે.''***

એક શિક્ષિત વ્યક્તિ માટે સમાજના પ્રશ્નોને સમજવા અને તેનો યોગ્ય ઉકેલ શોધવો એ મુશ્કેલ કામ નથી.

કારણકે આપણે ગયબતના ઝમાનામાં જીવન પસાર કરી રહ્યા છીએ, જેથી હવે આપણે જાણવુ પડશે, ઓળખવુ પડશે, મઅરેફત હાંસિલ કરવી પડશે તે ઝાતની કે જે આપણી જવાબદારીઓ બાબતે આપણને આગાહ કરે.

આથી ગયબતના ઝમાનામાં સૌથી મહત્વની જવાબદારી મઅરેફત છે.

મિકયાલુલ મકારિમના ૧૭૦ થી ૧૭૫ પાનાઓનો અહીં ટુંકસાર રજુ કરીએ છીએ.

હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.) ફરમાવે છેઃ

*“અય ફુઝૈલ! પોતાના ઈમામને ઓળખો. અગર તમે તમારા ઈમામની સહીહ મઅરેફત રાખો છો તો આ અમ્ર માં જલ્દી થવી તેનાથી તમને કોઇ નુકસાન નહીં પહોંચે. કારણકે જે શખ્સ પોતાના ઈમામની મઅરેફત રાખતા મૃત્યુ પામે તો તેની મિસાલ એવી છે, જાણે કે તે ઈમામ(અ.સ.)ના ખૈમામાં હાજર હોય અથવા તેમના અલમની નીચે બેઠો હોય.”*

(કાફી, ભાગઃ૧, પાનાઃ૩૭૧)

રાવી કહે છે કે ફરી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યુઃ

*“આ એવુ છે કે જાણે કે તે રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે શહાદતના દરજ્જા પર પહોંચ્યો હોય”*

(કાફી, ભાગઃ૧, પાનાઃ૩૭૧)

આજ કિતાબમાં ભરોસાપાત્ર સનદોથી ફુઝૈલ ઇબ્ને યસરથી રિવાયત છે કે મેં ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)થી સાંભળ્યુ..

*“જે શખ્સ એવી હાલતમાં મૃત્યુ પામે કે તેનો કોઇ ઈમામ ન હોય, તે જાહેલીય્યતની મૌત મર્યો, અને જે ઈમામની મઅરેફત સાથે મરી જાય તેને આ અમ્ર (ઝુહુર)નું વહેલુ થવુ કે મોડુ થવુ કાંઇ નુકસાન નહીં પહોંચાડે, અને જે ઈમામે વક્તની મઅરેફત ની સાથે મૃત્યુ પામે તો એવુ છે કે જાણે તે ઈમામ(અ.સ.)ની સાથે ખૈમામાં હાજર હોય.”*

(કાફી, ભાગઃ૧, પાનાઃ૩૭૧)

તફસીરે બુરહાનમાં મોઆવિયા ઇબ્ને વહબ ઈમામ જઅફરે સાદિક(અ.સ.)થી રિવાયત નક્લ કરે છે કે આપ (અ.સ.)એ ફરમાવ્યુઃ

*“ઈન્સાનની સૌથી બેહતરીન અને મહત્વની જવાબદારી એ છે કે તે અલ્લાહની મઅરેફત હાસિલ કરે અને તેની ઉબુદિય્યતની કબુલાત કરે અને તેના પછી રસુલે ખુદા(સ.અ.વ.)ની મઅરેફત અને તેમની નુબુવ્વતની ગવાહી આપે અને ત્યાર પછી ઝમાનાના ઈમામની મઅરેફત પછી દરેક હાલતમાં તેમની ફરમાંબરદારી કરે.”*

(તફસીરે બુરહાન, ભાગઃ૨, પાનાઃ૩૪, હદીસઃ૩)

આથી ગયબતના ઝમાનામાં મઅરેફતને તમામ ઇલ્મ પર પ્રધાનતા અને અગ્રતા હાસિલ હોવી જોઇએ. આ વાસ્તવિક ઇલ્મ છે અને તેને હાસિલ કરવુ અને શિખવાડવુ બંને ફરજીયાત અને જરૂરી છે.

આ હદીસમાં મઅરેફતની મહત્વતા બયાન થઇ છે.

ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.) પોતાના ફરઝંદને નસીહત કરતા કહે છેઃ

*“બેશક! મઅરેફત એટલે હદીસ જાણવી અને સમજવી અને હદીસને જાણવું એ મોઅમિનને ઈમાનના ઉંચામાં ઉંચા ઈમાનના દરજ્જાસુધી પહોંચાડે છે.”*

આવો એક ઉદાહરણ થકી આને સાબિત કરીએ..

ક્યારેક કોઇ ડોક્ટરને સિગરેટ ફુંકતા અથવા શરાબ પીતા જોઇએ છીએ. તે જાણે છે કે બંને ચીજો નુકસાનકર્તા છે, પરંતુ અગર એ જ ડોક્ટર ખુદા ન કરે કેન્સરની બિમારીમાં ફસાઇ જાય, તો તે છતા શું તે સિગરેટ પીશે? નહી.

## ઇલ્મે યકીનઃ

ઇલ્મ નૂર છે, જેનુ ઠેકાણું ઇન્સાનનું દિલ છે. શબ્દ દિલ સમજુતી માંગી લે છે, ઇન્શાઅલ્લાહ આવતા અંકોમાં) એટલે કે એ ઇલ્મ જે અઇમ્મએ મઅસૂમીન (અ.મુ.સ.) અને પવિત્ર હસ્તીઓના થકી હાસિલ થતુ હોય.

ઇલ્મ અને યકીનની એક અલગ ચર્ચા છે. આ લેખમાં બસ એટલુ લખી દેવુ પુરતુ છે કે મુરસલે આઝમ(સ.અ.વ.)

અનુસંધાન પાના નં. ૩૨ ઉપર ...

અનુસંધાન પાના નં. ૯ થી શરૂ ...

*''શબે આશુર હઝરત ઇમામ હુસૈન(અ.સ.)એ પોતાના સાથીઓને ફરમાવ્યું: ''........તમને સૌને જન્નતની ખુશખબરી થાય. ખુદાની કસમ જે કાંઇ આપણી સાથે થવાવાળુ છે તેના પછી આપણે બધા એટલા દિવસ આરામ કરીશું જ્યાં સુધી ખુદા ચાહશે*

*સુમ્મ યુખ્રેજોનલ્લાહો વ ઇય્યાકુમ્ હત્તા યઝ્હર કાએમોના ફ યન્તકેમો મેનઝ્ઝાલેમીન*

*''પછી ખુદાવંદે આલમ અમને અને તમને ફરીવાર જીવતા કરશે જ્યારે અમારા કાએમ(અ.સ.)નો ઝુહુર થશે, પછી ઝાલિમોથી બદલો લેવામાં આવશે તમે અને અમે તેઓને રસ્સીઓ અને સાકળોમાં ઝકડાયેલા જોશું તેમજ સૌથી ખરાબ અઝાબમાં જોશું.''*

(કિફાયતુલ્ મુહ્તદી, પાના:૧૦૫-૧૦૬)

આપે જોયું કે હઝરત ઇમામ હુસૈન(અ.સ.) અને હઝરત ઇમામ મહદી(અ.સ.)ની વચ્ચે કેટલો ગાઢ સંબંધ છે. દરેક જગ્યાએ એક-બીજાનો ઝિક્ર છે. એક-બીજા માટે ખુશખબરી દેનારા અને મકસદની સંપૂર્ણતા કરવાવાળા ખુદાવંદે આલમ આપણને સૌને હઝરત વલીએ અસ્ર(અ.સ.)ના મુખ્લીસ ખિદમત ગુઝારોમાં શામિલ કરીને હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ના વફાદાર સાથીઓની સાથે મહશુર ફરમાવે. આમીન.

*યા રબ્બલ્ હુસૈન બે હક્કીલ્ હુસૈન ઇશ્ફે સદ્રલ હુસૈન બે ઝુહુરીલ્ હુજ્જત*

(આ લેખ ''મેગેઝીન ઇન્તેઝાર''ના પ્રથમ વર્ષના બીજા અંકમાંથી લીધેલ છે.)

---ooo---

અનુસંધાન પાના નં. ૧૫ થી શરૂ ...

(અ.મુ.સ.) અલ્ વસાએલો બય્નલ્ ખલ્કે વ બય્નલ્લાહે' (એટલે કે એહલેબૈત(અ.મુ.સ.) મખ્લુકાત અને અલ્લાહની વચ્ચે વસીલો છે.)

*''વ અનૂતઝેરો ઝોહુરક વ ઝોહુરલ્ હક્કે અલા યદય્ક''*

*''હું આપના ઝુહુર અને આપના હાથો પર હકના ઝુહુરનો ઇન્તેઝાર કરી રહ્યો છું''*

ઇન્તેઝાર અને ઝુહુર આ બન્ને વિષયો ઉપર એસોસિએશન ઓફ મહદી(અ.સ.)ના તરફથી ઘણી બધી કિતાબો અને પુસ્તિકાઓ પ્રકાશિત થઇ ચુક્યા છે.

અલ્-મુન્તઝરના ખાસ અંકોમાં પણ આની ચર્ચા થઇ ચુકી છે. રસ ધરાવતા વાંચકો તેનો અભ્યાસ કરી શકે છે.

*➔ ''વ અસ્અલુલ્લાહ અંય્યોસલ્લે અલા મોહમ્મદીવ્ વ આલે મોહમ્મદ વ અંય્યજ્અલની મેનલ્ મુન્તઝેરીન લક વત્તાબેઇન વન્નાસેરીન લક અલા અઅ્દાએક વલ્ મુસ્તશ્હદીન બય્ન યદય્ક ફી જુમ્લતે અવ્લેયાએક''*

*''અને હું અલ્લાહ પાસે સવાલ કરૂ છું કે તે મોહમ્મદો આલે મોહમ્મદ પર સલવાત મોકલે અને મને આપનો ઇન્તેઝાર કરવાવાળાઓમાં શામિલ કરે અને આપની પૈરવી કરવાવાળાઓમાં, આપના દુશ્મનોની વિરૂધ્ધ આપની મદદ કરવાવાળાઓમાં અને આપના તમામ દોસ્તોમાં આપની હાજરીમાં શહાદતનો ફૈઝ હાસિલ કરવાવાળાઓમાં''*

ઝિયારતના આ જુમ્લાઓમાં ઇમામે ઝમાના(અ.સ.)ના ચાહવાવાળાઓની ત્રણ જવાબદારી અને એક પરિક્ષાનો ઉલ્લેખ છે. તે ત્રણ જવાબદારી કંઇ છે? ઇન્તેઝાર, પૈરવી, નુસ્રત અને તેની પરિક્ષા અથવા ઇનામ શહાદત છે. કોઇ પણ મોઅમિન માટે તેનાથી વધીને કઇ ખુશનસીબી હોય શકે તે પોતાના ઇમામની નુસ્રત કરતા કરતા શહાદતનો ફૈઝ હાસિલ કરે.

(વધુ ઇન્શાઅલ્લાહ આવતા અંકે)

---ooo---

અનુસંધાન પાના નં. ૩૩ થી શરૂ ...

તે પયગમ્બરની દુખ્તરના ફરઝંદોમાંથી એક ફરઝંદ, જેનું નામ શાહે ઝમાન હશે, તે બાદશાહ થશે અને તેની હુકુમતોની સામે બીજી હુકુમતો ખત્મ થઇ જશે. તેમના સમયમાં પાક દ્રષ્ટિવાળા અને પયગમ્બરો અને નેક લોકોની રજઅત થશે. (ઇન્તેઝાર એ શર્ત છે.)

મોહતરમ વાંચકો, ઇમામ મહદી(અ.સ.)ના ઇન્તેઝારની સફર દૂર દૂરના ભૂતકાળથી શરૂ છે. દુન્યા જ્યાં નેક બંદાઓ માટે મુસીબતની જગ્યા છે, ત્યાં જ ઝુહુરની સવારની ખુશખબરીની આશા પ્રાચિન કાળથી ગુંજી રહી છે. હઝરત ઇસા રૂહુલ્લાહ(અ.સ.) પછી લગભગ ૬૦૦ વર્ષની મુદ્દતનો ગાળો છે. જ્યારે મુર્‌સલે અઅ્‌ઝમ(સ.અ.વ.)ની બેઅસત થઇ આપ(સ.અ.વ.)ખાતમુલ મુર્સલીન(સ.અ.વ.) છે. આપ ખાતમુલ અંબિયા(સ.) છે. આપ(સ.) પર દીનની સંપૂર્ણતા અને પૂર્ણતાની મહોર લગાડવામાં આવી. શરીઅત આપની સીરત અને કુરઆને કરીમના મજબુત પાયા ઉપર એવી રીતે કાએમ અને દાએમ થઇ કે હવે ડગવાનો સવાલ જ પૈદા નથી થતો. કુર્આને કરીમમાં ઇમામે મન્સૂર, હઝરત ઇમામે ઝમાના(અ.સ.) માટે લગભગ ૨૫૬ આયતોનો એક ગુલદસ્તો છે અને સીરતે નબી(સ.)ની તબ્લીગના દરેક વળાંક પર આપનો ઝિક્ર છે. ત્યાં સુધી કે હઝરત મુર્સલે અઅ્‌ઝમ(સ.)એ પોતાના અંતિમ હજથી પરત ફરતા ગદીરે ખુમમાં જ્યાં અમીરૂલ મો'મેનીન હઝરત અલી બીન અબી તાલિબ(અ.સ.)ના સર પર વિલાયત અને જાનશીનીતો તાજ રાખ્યો, ત્યાં પોતાના ૧૨ જાનશીનોનું એલાન પણ કર્યુ અને પોતાના આખરી જાનશીનની નિશાનીઓનું પણ એલાન કર્યુ કે તેનું નામ મારા નામ જેવું છે, તેની કુન્નિયત મારી કુન્નિયત જેવી હશે. ન્યાય અને ઇન્સાફનું અજવાળુ થશે, ઝુલ્મોજૌરનું અંધારૂ દૂર થઇ જશે. અલ્લાહ! તે મુન્તઝરના જલવાની ઝલક દેખાડી દે કે જેના માટે અતિપ્રાચિન કૌમોના મુન્તઝિરોથી લઇને એક પછી એક જમાનામાં એક કાફલો ઉત્તમ ભવિષ્ય તરફ આગળ વધી રહ્યો છે અને અમોને તેમાં શામિલ કરી દે. આમીન.

---ooo---

અનુસંધાન પાના નં. ૩૦ થી શરૂ ...

થી લઇને તમામ મઅસુમ ઇમામો(અ.મુ.સ.)એ ગયબતના સમયમાં ઇલ્મ હાસિલ કરવાની અને યકીનથી દિલને નૂરાની રાખવા માટેની તાકીદ કરી છે. આથી મુરસલે અઅ્‌ઝમ (સ.અ.વ.)ની એક દુઆ છે..

*''અય મારા અલ્લાહ! મને મારા ભાઇઓથી મુલાકાત કરાવ'' અસ્હાબે પુછ્‌યુઃ શું અમે તમારા ભાઇઓ નથી? આપ (અ.સ.)એ ફરમાવ્યુઃ નહીં, તમે મારા અસ્હાબ છો, મારા ભાઇ એ લોકો છે જે આખરી ઝમાનામાં હશે અને જેઓ જોયા વિના મારા પર ઇમાન લાવશે.....''*

પછી આપ(અ.સ.)એ તેઓનો મરતબો બતાવ્યો.

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૨, પાનાઃ ૧૨૫)

આવો નવેસરથી વાયદો કરીએ કે આ મહાન ખિદમતને અંજામ આપીશુ અને ઇમામ(અ.સ.)ની સામે માથુ જુકાવી દેશુ અને એ અહદ કરીશુ કે શક્ય તેટલો તેમનો બચાવ કરીશુ જેવી રીતે આપણે દુઆએ અહદમાં પઢીએ છીએ.

*''અય અલ્લાહ! આજની સવાર અને દરેક સવારે મારી ગરદનમાં તેમની બયઅત અને તેમની મદદના વાયદાની તજદીદ કરૂ છુ. હું ક્યારેય તેનાથી મોઢું નહી ફેરવુ અને ન ક્યારેય તેનાથી દુરી કરીશ.''*

આમીન.

---ooo---

અનુસંધાન પાના નં. ૩૪ થી શરૂ ...

'કિશન' છે, જેમની બાદશાહી અને દુન્યવી હુકુમત તમામ અને સંપૂર્ણતા પર પહોંચશે. (હિન્દુ શબ્દકોષમાં કિશનનો અર્થ પગગમ્બર છે)

અમો તેના પછી ઝુબુરમાંથી અમુક વાતો વર્ણવીએ છીએ. જેના પર વાંચકો ધ્યાન આપે.

(૧) મઝામીરે દાઉદ(અ.સ.) જે હાલમાં જુની તૌરેતનો એક ભાગ છે. તેમાં ખુદાવંદે તઆલા દાઉદ(અ.સ.)ને આ રીતે ઈર્શાદ ફરમાવે છેઃ (અ) બુરાઇ પસંદ લોકોના કારણે પરેશાન ન થા. (મઝમુર - ૩૭) (બ) એટલા માટે કે તેઓ ઘાસ ચારાની જેમ કપાઇ જશે. (ક) અને લીલા ઘાસની જેમ નિર્જીવ અને સુકા થઇ જશે. (ડ) ખુદા ઉપર ભરોસો કરો અને નેકી કરો. (ઇ) ખુદાની ખુશનુદી ખાતર ચુપ રહો અને તેનો ઇન્તેઝાર કરો.

ઝુબુરમાં આગળ ચાલીને આ રીતનું લખાણ છેઃ ઇલ્મ અને હિલ્મ ધરાવનારા ઝમીનના વારિસ થશે અને અત્યંત સલામતીની સાથે પુષ્કળ ઇલાહી નેઅમતોને માણશે. (બીજી બાજુ) બુરાઇ પસંદ લોકો ખુલ્લી તલવારો અને કમાનમાં તીર ચડાવીને આગળ વધશે, અને ફકીર અને મિસ્કીનોને મારતા મારતા નેક અને સાચા લોકોને કત્લ કરશે, પરંતુ (ઝુહુર પછી) તેમની તલવાર તેઓના દિલોમાં જ ઉતરી જશે, તેઓની તીરોની કમાનો તૂટી જશે. એટલા માટે કે બુરાઇ પસંદ લોકોના હાથો તુટી ગયા હશે.

બસ ખુદાવંદે તઆલા નેક લોકોને મદદ કરે છે ખુદા તે દિવસને સારી રીતે જાણે છે જ્યારે નેક લોકોને આ ઝમીનના બાકી રહેવા સુધી વારિસ બનાવશે. (કુર્આને મજીદની આ આયતે કરીમા ઉપર વિચાર કરવાની જરૂરત છે.)

***વ લકદ્ કતબ્ના ફીઝ્ઝબુરે મિમ્ બઅ્દિઝ્ઝિક્રે***
***અન્નલ્ અર્ઝ યરેસોહા એબાદેયસ્સાલેહુન***

(સુરે અંબિયા, આયતઃ૧૦૫)

## તૌરેતઃ

આ આયતના અનુસંધાનમાં આસ્માની કિતાબ તૌરેતને યાદ કરવામાં આવી છે. જેવી રીતે સુરે અંબિયાની આયત ૪૮ માં આ વાત સ્પષ્ટ થઇ ગઇ છે.

## ઇન્જીલઃ

ઇન્જીલે મતા પંકતિ ૩૧, ઇન્જીલે માર્ક પંકતિ ૧૩૩, ઇન્જીલે લુકા પંકતિ ૩૫ માં વર્ણવેલા બયાન અને તારણોને અમે અમુક વાક્યોમાં વર્ણન કરીશું. જેની સંવેદનશીલતા અને એહમીય્યત ઇમામે ઝમાના(અ.સ.)ના ઝુહુરનો લાંબો ઇન્તેઝાર છે.

(૧) અમુક લોકો મારા નામ મસીહના દાવેદાર થશે અને (લોકોને) ગુમરાહ કરશે.

(૨) અમુક જુઠ્ઠા લોકો પોતાને નબી કહેશે અને (લોકોને) ગુમરાહ કરશે.

(૩) જે આખરી ઝમાના સુધી સબ્ર કરશે તેને જ નજાત મળશે.

(૪) એક ઇન્સાનના ફરઝંદ વીજળીની જેમ પૂર્વ આસમાનથી જાહેર થશે અને પશ્ચિમ સુધી દેખાશે.

(૫) અને તે ઇન્સાન હશે જે વાદળાઓ ઉપર સવાર હશે, અને બહુ જ શક્તિશાળી, જલાલવાળા હશે અને ફરિશ્તાઓને હુક્મ કરનાર હશે.

આસમાન અને ઝમીન નાશ પામશે પરંતુ મારૂ કહેણ બાકી રહેશે.

## જરથોષ્ટ (અગ્નિપૂજક) તેઓની કિતાબ જામાસબનામાઃ

જરથોષ્ટથી પયગમ્બરે ઇસ્લામ(સ.અ.વ.), ઇમામ મહદી(અ.સ.) અને રજઅતના બારામાં આ પ્રકારનું વર્ણન મળે છે. અરબના પયગંબર ખાતેમુન્નબીય્યીન હશે. મક્કામાં વિલાદત થશે, ઊંટ પર સવાર થશે. તેની કૌમ ઊંટ સવારોની હશે. ખુદાના બંદાઓની સાથે જમશે, ખુદાના બંદાઓની સાથે રહેશે અને તેમના શરીરનો પડછાયો નહીં હોય. તેઓ જે રીતે પોતાની સામેની તરફ જોતા હશે, એજ રીતે પોતાની પાછળ પણ જોઇ શકશે. તેઓનો દીન તમામ દીનોમાં શ્રેષ્ઠ હશે અને તેમની કિતાબ અન્ય આસમાની અને પ્રાચિન કિતાબોને રદ્દ કરી દેશે. અગ્નીના મંદિરોને બુઝાવી દેશે. પેશદાદીયાન, કયાનિયાન, સાસાઇયાન અને અશ્કાનીયાન બધા જ ખત્મ થઇ જશે.

અનુસંધાન પાના નં. ૩૨ ઉપર ...

અનુસંધાન પાના નં. ૧ થી શરૂ ...

હયાતીની બુનિયાદ છે. આ ઈસ્તેગાસહમાં કુદરતના વાયદાની તે પ્રદર્શિત કરનારી જ્યોતિ જોવા મળે છે, જ્યાં આશાના હજારો ચિરાગો પ્રગટી રહ્યા છે. તેનું કારણ એ છે કે ફક્ત અને ફક્ત આ જ ઈસ્તેગાસહ છે કે જેના માટે પરવરદિગારની તરફથી લબ્બૈકની દિલનવાઝ આસમાની નગ્મો બનીને ફિતરતમાં ઉભરે છે. જે આ ખાકી વુજૂદને પહાડો અને ખાણોની સફર કરાવે છે. પ્રાચિન યુગની કૌમોમાં લોકોએ ઈન્સાફ અને અદાલતની માંગણી કરી છે. પોતાના હક્કોની અવાજ ઉઠાવી છે અને તાકાતવર સમૂહે આ અવાજને દબાવવાની ભરપુર કોશિષ પણ કરી છે. પ્રાચિન ધર્મોની કિતાબોમાં આ નોંધ મૌજૂદ છે કે એ સમૂહના લોકો કે જેઓ પોતાની દીનદારી, નેકી, સચ્ચાઈ અને ભલાઈના લીધે કમઝોર બનાવી દેવામાં આવ્યા છે. તેમના ઇલ્મ અને યકીને કોઇ નજાત આપનારના આગમનની ખુશખબરી આપી છે.

આવો જોઈએ, તેમના ઈન્તેઝારનો ઝિક્ર કે જે મવ્ઉદ (વાયદો કરાએલ) છે, અને ઈલાહી અદ્‌લનો હોદ્દો ધરાવનાર છે અને હયાત (જીવન)નું ઝરણું છે. જે નજાતની પુંજી અને કાએનાતની રૂહ છે. પ્રાચિન લોકોની કિતાબોમાં કેવી રીતે થએલ છે, જેની સંક્ષિપ્ત સમિક્ષા જ શક્ય છે. એટલા માટે કે તેના પર જેટલુ વિદ્વાનોએ કામ કર્યુ છે, તેનો કેનવાસ ખૂબ જ વિશાળ અને વિસ્તૃત છે.

## (૧) કિતાબે વૈદ :

આ કિતાબ પ્રાચિન સમયથી એક આસમાની કિતાબ ગણવામાં આવે છે. તેમાં લખેલુ છે કે દુનિયામાં જ્યારે ખરાબીઓ વધી જશે, તો આખરી ઝમાનામાં એક બાદશાહ આવશે, જે તમામ મખ્લુકના પેશ્વા હશે. તેનું નામ મન્સૂર હશે. તેનો સમગ્ર દુન્યા પર કબ્જો હશે. તે તેનો દીન લાવશે. મો'મિનો અને કાફિરોને ખૂબ સારી રીતે ઓળખશે અને તે જે કાંઇ અલ્લાહથી ચાહશે તે તેને મળશે. (મન્સૂર એ ઇમામ મહદી(અ.સ.)ના લકબોમાંથી એક લકબ છે.)

## (૨) કિતાબે બાસુક :

લોકોની દીનથી દૂરી ખત્મ થઇ જશે. તે ફરિશ્તાઓ, પરીઓ અને આદમીઓનો બાદશાહ હશે. તેની પાસે આસમાનો અને જમીનની ખબરો હશે. કોઇ પણ ચીજ તેનાથી છુપી નહીં હોય. તેનાથી શ્રેષ્ઠ બીજુ કોઇ નહીં હોય.

## (૩) ઉપનિષદ :

પાના નંબર ૭૩૭ પર છે, આ સાહેબ વિષ્ણુનો દસમો અવતાર હશે. સફેદ ઘોડા પર સવાર હશે. ચમકતા સીતારા જેવી પ્રકાશિત તલવાર તેના હાથમાં હશે. તે જ્યારે સત્તા સંભાળશે તો દુન્યાની બુરાઇઓને ખત્મ કરી દેશે અને દુનિયાને ફરીથી નવી જીંદગી અતા કરશે અને પાકો પાકીઝા લોકોની રજઅતનું કારણ હશે.

## (૪) જૈનની પવિત્ર કિતાબ થોકડેકે સકરોકે ઇશારેમાં છે :

જ્યારે ફસાદ, પડતી અને તબાહી પુરી દુનિયામાં ફેલાઇ જશે, ત્યારે એક સંપૂર્ણ ઇન્સાન કે જેનું નામ (તીરતંગર) એટલે કે ખુશખબરી દેનાર હશે, તે જાહેર થશે. તે વિનાશકારીઓનો સંપૂર્ણ નાશ કરી દેશે અને પાકીઝગી અને પવિત્ર કિરદારને દુનિયામાં સ્થાપિત કરી દેશે.

## (૫) શાકમુની

હીન્દુ ધર્મની માન્યતા પ્રમાણે પયગમ્બર અને સાહેબે કિતાબે આસ્માની હતા. ઉચ્ચ ચારિત્ર્ય ધરાવનારના ફરઝંદ જેનું નામ

અનુસંધાન પાના નં. ૩૩ ઉપર ...